# સર્જક ચેતના

## પ્રશ્નો અને પડકારો

00860

સંપાદન

ડૉ. સરૂપ ધ્રુવ

હિરેન ગાંધી

મયંક ઓઝા

GA

28

પ્રકાશન

સંવેદન સાંસ્કૃતિક મંચ

'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણી : પુસ્તક-૪

# સર્જક ચેતના

## પ્રશ્નો અને પડકારો

સંપાદન

ડૉ. સરૂપ ધ્રુવ
હિરેન ગાંધી
મયંક ઓઝા

પ્રકાશન

સંવેદન સાંસ્કૃતિક મંચ
'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણી : પુસ્તક-૪

SARJAK CHETANA
(PRASHNO ANE PADKARO)

JUNE, 1998

© સંવેદન સાંસ્કૃતિક મંચ

૩૦૦૦ નકલ

મૂલ્ય : સ્વૈચ્છિક

કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ : સિમેટ્રી કોમ્પ્યૂટેક
અમદાવાદ-380 054

મુદ્રક : મહેશ મુદ્રણાલય, દૂધેશ્વર રોડ, અમદાવાદ

પ્રકાશન સહયોગ : સિમેટ્રી કોમ્પ્યૂટેક
અમદાવાદ-380 054

પ્રકાશક : 'સંવેદન સાંસ્કૃતિક મંચ',
૯, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
જીવરાજ પાર્ક, અમદાવાદ-380 051
ફોન : 6635 078

# સર્જક ચેતના

સલામ સાથે
સમર્પિત છે-

સ્વરાજ પછીના સમયમાં
'ગુજરાતી જનવાદી સાહિત્ય'ના આંદોલનને જેમના સંઘર્ષ
અને સાહિત્યે
પ્રેમભરી હૂંફ પૂરી પાડી છે,
એવા -

**બિરાદર હિંમતભાઈ ખાટસૂરિયાને**

અને

ગુજરાતના સ્થાપિત સાહિત્યના મીંઢા મૌનને
જેમની સર્જક ચેતનાએ
તોડ્યું,
એવા -

**ઝવેરચંદ મેઘાણીને**

અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. અમે પૂછીએ છીએ : કેમ ? (સ્વરાજ અને સર્જક ચેતના -જનવાદી દૃષ્ટિકોણથી) | ડૉ. સરૂપ ધ્રુવ | 1 - 22 |
| ૨. બિરાદર હિંમતભાઇને..... | ડૉ. સરૂપ ધ્રુવ | 23 - 26 |
| ૩. અમે - વિદ્રોહનું રાજકારણ અને ગુજરાતમાં જનવાદી સાહિત્યનું આંદોલન | હિરેન ગાંધી | 27 - 43 |
| ૪. એક છાયા (મક્સિમ ગોર્કીની વાર્તાનો ગુજરાતી અનુવાદ) | મંયક ઓઝા | 45 - 56 |


આ પુસ્તિકાના પ્રકાશન બદલ જો આપ *સ્વૈચ્છિક સહયોગ રાશિ* મોકલવા માંગતા હો તો-

**'સંવેદન સાંસ્કૃતિક મંચ'**

**9, રૂપેશ સોસાયટી વસ્રાપુર સ્ટેશન રોડ, જીવરાજ પાર્ક, અમદાવાદ, 380 051**

* 'સહયોગ રાશિ' રોકડમાં મોકલશો.

અથવા

* હિરેન ગાંધી / સરૂપ ધ્રુવના નામે ચેક દ્વારા મોકલશો.

# અમે પૂછીએ છીએ : કેમ ?

[સ્વરાજ અને સર્જક-ચેતના - જનવાદી દૃષ્ટિકોણથી]

- સરૂપ ધ્રુવ

*[પરિષદનું આમંત્રણ મળ્યું ત્યારથી જ અને અલબત્ત, ત્યાર પહેલાં પણ-એકાધિક નિમિત્તે આ વિષય ઉપર ચિંતવવાનું ચાલુ જ છે. પ્રસ્તુત વક્તવ્ય માટે સજ્જ થતાં પહેલાં, મારા મિત્રો : હિરેન ગાંધી અને બિરાદર રવિ સિંહા સાથે કન્સર્નપૂર્વક-હા; આ શબ્દની બંને અર્થચ્છાયાઓ સાથે-નિસબત અને ચિંતા-જે મંથન-વિમર્શન થયું એના પરિપાકરૂપે આ આલેખ/વક્તવ્ય તૈયાર થયું છે. અહીં હું અમારાં જેવાં અનેક સાથીઓની પ્રતિનિધિ બનીને આ ઊહાપોહ આપ સૌની આગળ છેડું છું, એ યાદ કરાવવાની ભાગ્યે જ જરૂર જોઉં છું.]*

## ભૂમિકા

★ "સાહિત્ય અને અન્ય કલાઓ, વ્યક્તિના અસ્તિત્વ માટેના સંઘર્ષનાં, સુખદ અને દુઃખદ અનુભવો અને અનુભૂતિઓની અભિવ્યક્તિ છે. સર્જકના ચિત્તમાં ચાલતા આ સંઘર્ષ અને સંવાદની સાધનાની પ્રક્રિયા સ્વયં એક સર્જક-કર્મ છે. એણે પોતાની જાત સાથે, પોતાના પરિવેશ સાથે, પોતાના સમય સાથે છેડેલું અવિરામ યુદ્ધ જ એના ચેતના વિસ્તારનો માપદંડ છે."

★ "સર્જન એ તો જાત સાથે અને જગત સામે જંગ માંડીને બેઠેલા સંવેદનશીલ માનવનો યુદ્ધલલકાર છે !"....

ગમે તે સ્થળે, ગમે તે કાળે, ગમે તે ચિંતક-વિવેચક દ્વારા ઉચ્ચારાયેલા આ શબ્દો હરેક સ્થળ-કાળને અતિક્રમીનેય ટકી શકે એટલા નક્કર નથી લાગતા ?...

સર્જક એટલે તો ઋષિ, મનીષી, ક્રાન્તદૃષ્ટા... આવું તો આપણે સદીઓથી કહેતાં-સાભળતાં આવ્યાં છીએ. જરાક જુદી-સાદી રીતે કહું તો સર્જક એટલે પારકી છઠ્ઠીના જાગતલ ! એ જે વાણીમાં બોલે-લખે છે તે વાણીરાણીના જ નહિ; પણ તેની સંસ્કૃતિ સમસ્તના વાતડાહ્યા વકીલ....અથવા તો આજના વિષયને પ્રસ્તુત પરિભાષામાં કહું તો સર્જક એટલે સ્થાપિત હિતોની સામે સતત બાખડી બાંધતા, જીવતા જણ !

પણ આપણાં ગુજરાતી સર્જકો વિશે ચિંતવતાં સતત લાગ્યા કરે છે કે, આપણે 'સ્વ' સાથેનો સંઘર્ષ તો પોતપોતાની રીતે; લગભગ પ્રામાણિકપણે છેડતાં રહ્યાં છીએ... પણ પોતાના પરિવેશ, પોતાના સમય સામેની લડાઈનું શું ? માત્ર પચાસવર્ષથી સ્વતંત્ર થયેલા આપણા દેશમાં જ નહિ... જગત આખાયમાં ભ્રષ્ટ રાજતંત્ર-રૂઢિજડ સામાજિક માળખાં - વિચાર અને આચરણ વચ્ચેની દાંભિક ખીણ-પલટાતા રાજકીય આર્થિક પ્રવાહો-મૂલ્યો અને મૂલ્યહ્રાસ... આમાં સર્જક અને તેની સહોપસ્થિતિનો આલેખ ક્યાં ? કેટલો ને કેવો ? સ્થાપિત હિતો સામેનાં એના કન્ફ્રન્ટેશનનો દસ્તાવેજ ક્યાં ? અને જે કંઈ ઓછું-આછું-ઝાંખું-પાંખું હાથમાં આવે છે તે ક્યાંથી આવે છે ? કોના સુધી પહોંચે છે ? કેમ નથી પહોંચતું ? સર્જકની આ યુયુત્સા આ સમાજવ્યવસ્થાના છેવાડાના જણ સુધી પહોંચાડવાની તમા કોણે રાખી ?... કોણે ન રાખી... ને ન રાખી તો તેનાં કારણો શાં ?... આ અને આવા ઘણા પ્રશ્નો આજે મંચ ઉપરથી છેડવા છે-તપાસવા છે અને આદરવી છે શોધ... એના ઉકેલની.... જો તૈયારી હોય તો !

## 1857 અને ઓગણીસમી સદીનો ઉઘાડ

'સ્વરાજ' કહેતાં જ રાજકીય સ્વાધીનતા - એની સાથે જ આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક સ્વતંત્રતા-સ્વાયત્તતા-આત્મનિર્ભરતા જેવા અર્થો સંદર્ભાય છે. આજે જે છે-જેવું છે એ સ્વરાજ એનો એક ચોક્કસ ઈતિહાસ લઈને આવ્યું છે અને એ ઈતિહાસનું પગેરું'47 પહેલાંનાં 90 વરસ સુધી જતાં મને સાંપડે છે : 1857 ના, પ્રથમ સ્વાધીનતા સંગ્રામમાં. શું કરતો હતો ગુજરાતી સર્જક ત્યારે ?... નર્મદાઘાટી અને પંચમહાલના ડુંગરોમાં જ્યારે વિપ્લવનાદ ગૂંજી રહ્યા હતા ત્યારે એ જ નર્મદાતીરે પેલા બંસીબોલના કવિના



બોલ હજી પડઘાતા હતા... શ્યામરંગ સમીપે ન જાવાના નીમ લેવાતા હતા કે પછી ચિત્તમાં ચિંતા કરવાનું છોડી દઈ-કૂંચી કૃષ્ણજીને હાથ સોંપી, ઢણકતાં મનઢોરને આસાનીથી નિજ દેશ ભણી હંકારી જવાતાં હતાં ! જરાક આ તરફ વળો તો 'ઘણું જીવો વિક્ટોરિયા'ની નેકી પોકારાતી હતી અને કાળા કેર કરનારા ગયા એના માનમાં 'હરખ હવે તું હિંદુસ્તાન' થઈ રહ્યું હતું. કુધારાના દૈત્ય સામે સુધારાનો કડખેદ 'યાહોમ' કરીને ઝૂકાવતો હતો. અલબત્ત, એની સામે 'સ્વરાજ્ય'નું નહિ-'સુરાજ'નું શમણું હતું. જો કે એ સર્જક એના અન્યત્રના સામંતી મૂલ્યો ધરાવતા સમકાલીનો કરતાં આગળ હતો - નવી યંત્ર-સંસ્કૃતિ, નવાં મૂલ્યો, નવી દુનિયાને વધાવી લેવા એકપગે તત્પર હતો ! શિક્ષણ, સુધારો, અંધશ્રદ્ધાનાબૂદી, વિચારોત્તેજક મંડળો, વર્તમાનપત્રો, મુખપત્રોથી ધબકતી દુનિયાનો ચાલક હતો. બુદ્ધિવાદી આંદોલનનો સંચાલક હતો. એની ચેતનાનો આવિષ્કાર સક્રિયતા અને સર્જકતા : બંને મોરચે થતો રહેતો હતો. એ નિર્ભીક કર્મશીલ હતો-સ્થાપિતહિતો અને ધર્મસભાઓ સામે કલમ ઉગામતાં કે કોરટે ચડતાં અચકાતો-ખચકાતો નહોતો. આજના આ દુવિધા-કાળમાં આવા સર્જકોનું જૂઝારુ ખમીર-એની સર્ગશક્તિની મર્યાદાઓ છતાંય... સ્પૃહણીય નથી લાગતું ? આવશ્યક નથી લાગતું ?...

આવી જ બુદ્ધિનિષ્ઠાનું અનુસંધાન થાય છે ત્યાર પછીના-સમન્વયયુગમાં. અલબત્ત, અંશતઃ ! મને રસ પડે છે તે 'ભદ્રંભદ્ર'માં ! વારસા સામે-ઘેટાંચાલ સામે-રૂઢિજાડ્ય અને Holy-Bookની દાસતા સામે જીભડો કાઢી, ઠિઠિયારી કરતા પેલા 'જ્ઞાનબાલ'માં ! એ તીખો-ખટમીઠો રેશનાલિસ્ટ સર્જક આડકતરી રીતે તો પરંપરામાંથી 'મુક્તિની' જ વાત કરી રહ્યો હતો ને ?... ક્યાં છે આજે આવી પ્રખરતા અનેકવિધ ગાડરચાલની સામે ?! આજે તો આપણે આપણા યુગપ્રશ્નોના જવાબો મઠોમાં ને આશ્રમોમાં, ધ્યાનકેન્દ્રો અને આનંદગ્રામોમાં શોધવા પલાંઠી વાળીને બેઠકો જમાવીએ છીએ !... ના, આ ગેલ્વેનાઈઝડ ગ્રામો કંઈ પેલા 'કલ્યાણગ્રામ'નો વારસો નથી ! એ પંડિતે તો એના નવ્ય-સંપત્તિકાળમાં નવુંનવું સમજતા-શીખતા ધનપતિ સામે સુરાજ્યની - માલિક-મજૂરના સંબંધોથી રચાનારા 'કલ્યાણરાજ્ય'ની પરિકલ્પના મૂકી આપેલી. જેણે પછીથી, ગાંધીયુગની ટ્રસ્ટીશીપની ભાવનાનું સાકાર રૂપ ધાર્યું. આ સમન્વયયુગમાં સુરાજ્ય ને તેથી આડકતરી રીતે સ્વરાજ્યની વાત હતી

જ હતી... પણ છતાંય પ્રશ્ન તો રહે જ છે કે કોનું રાજ્ય ? કોના માટે સુરાજ્ય ?... આ આર્ષદૃષ્ટાઓએ એમની અગ્નિગર્ભા પ્રજા-પાંચાલીની વ્યથા ની વાત તો કરી પણ એની શક્તિને તાગવાનો કે એની નજીક જવાનો પ્રયાસ કેમ નહિ કર્યો હોય ?... એમના જ સમકાલીન 'મહાત્મા ટૉલ્સ્ટૉય' કદાચ આ મુદ્દે એક મુઠ્ઠી ઊંચેરા જણાય છે મને ! અલબત્ત, ટૉલ્સ્ટૉય ક્રાન્તિકારી તો નહોતા જ... છતાંયે એમની કૃતિઓમાં સામાજિક-રાજકીય મંથન જે કક્ષાથી થયું છે એ કક્ષા ને એ દીર્ઘદૃષ્ટિએ લેનિન જેવા ક્રાન્તિવીરને ખાસ્સી પ્રેરણા પાઈ છે. સર્જકચેતના વિસ્તરે તો કેવી યુગપરિવર્તક બની રહે એ કહેવાની જરૂર ખરી ?... આમ છતાં બહુ પોરસાઈ જવાતું નથી. સુધારકયુગ અને સમન્વયયુગમાં સુરાજ્ય, આ બુદ્ધિવાદ ને સુધારો બહુ થોડાક દ્વારા શરૂ થઈને-ચોક્કસ વર્તુળ સુધી સીમિત રહ્યો ને થોડાંક વર્ષોમાં જે ઉન્મેષ હતો તે શમી ગયો. કેમ ? કંઈએક સુધારકોએ અંગત જીવનમાં હેઠે મેલેલાં હથિયારને કારણે ? સત્તાધીશોની સાથે મળીને સુવ્યવસ્થા સ્થાપવાના સુષ્ઠુ સુષ્ઠુ અભિગમને કારણે ? કે પછી શાહીવાદી લાલ જાજમની સુંવાળપને કારણે ?... 'સૌને માટે-સૌના દ્વારા સુરાજ્ય' તો આઘું જ રહ્યું ને ? - કેમ ?

## નવજાગરણ : કોનું ? કેટલું ?

માત્ર સુરાજ્ય જ નહિ-સાહિત્ય પણ ! આ કાળમાં રૂઢ થતા જતા સર્જન-ભાવનના અધિકારોના ઢાળા ઢળતા જતા હતા. આ અધિકાર જાણે સૌને માટે નહોતો ! સર્જકો અને સર્જન એક દિવ્ય આભામંડળમાં કેદ થતાં જતાં હતાં ! આત્માની અમૃત કલાનો કુંભ પણ પેલી પુરાણકથાના અમૃતકુંભની પેઠે વહેરાવંચામાં એક જ બાજુ ઢોળાતો જતો હતો ! બ્રહ્માનંદ સહોદર આનંદમૂલક સર્જનભાવન પ્રક્રિયા, વિગલિત વેદ્યાન્તર, સાહિત્યની સનાતનતા, બુદ્ધિજીવી-વ્યક્તિવાદ, ભાષાશુદ્ધિના દુરાગ્રહો અને પ્રાચીન પરંપરા પોખ્યો અધ્યાત્મવાદ... આ અને આવા માપદંડોએ પેલા કલ્યાણરાજ્યની કલ્પનાને મોટા ભાગના સમાજથી દૂર ને અસ્પૃષ્ટ જ રાખી. કેમ ? અમૃત પામવાનો અધિકાર બધાંને નહિ ? આખોય સમાજ ઉદાત્ત અને ઊંચું જીવન જીવતો થાય એમાં અજુગતું શું હતું ? આટલા સંવેદનશીલ-વિચારશીલ સર્જકોને આવી અન્યાયપોષક સુવ્યવસ્થામાં ગોઠવાઈ જવાનું કેમ પરવડ્યું હશે ? -આવા પ્રશ્નો



આજે-પ્રસ્તુત રહીને સાહિત્યનો ઈતિહાસ તપાસતાં-લખતાં-ભણાવતાં-ભણતાં... કેમ ન પૂછાય ? આવી લખ્યાબારૂની વાતો ન છેડાય-છંછેડાય ? કેમ ?

## બાપનો કૂવો

પણ હજી મારા પ્રશ્નોની યાદી લંબાય છે... આવીને અટકું છું પેલી-ગુજરાતની અસ્મિતા આગળ ! નર્મદના જયજયકારથી આરંભાઈને, કાન્તના 'કોની કોની છે ગુજરાત'માં વિસ્તરતી વિસ્તરતી મુનશીજીના આર્યાવર્તની સીમામાં પૂરાઈ જાય છે આ ભાવના. કોની અસ્મિતા ? કેવી અસ્મિતા ? બ્રાહ્મણ-બ્રાહ્મણેતર વર્ણો, આર્ય-આર્યેતર સમાજો, સ્ત્રી-પુરુષ સંબંધોનાં નિરૂપણો ઉપરથી એકત્વ-સમન્વય-સમોવડિયાંપણાનાં શબ્દાડંબરી મ્હોરાં હટાવીએ તો શું જોવા મળે છે ?- એ જ... 'વાહ રે મૈં વાહ' અને 'છીએ તે જ ઠીક' યાને કે ઊંચ-ભમરિયો વ્યક્તિવાદ અને જૈસેથેવાદ ! ગાંધીયુગ જામતાં પહેલાં, તે દરમ્યાન અને તે પછીના બબ્બે દાયકા સુધી સતત, રાજકારણ ને સાહિત્યકારણક્ષેત્રે સક્રિય રહેલા મુનશીજીના ભાવોદ્રેકનો ઉપશમ તો અધ્યાત્મમાં જ આવે છે ! વર્તમાન પ્રશ્નોના પૃથક્કરણ માટે સામંતી ઈતિહાસમાં બ્રહ્મા-ડૂબકી મારતાં આપણને મુનશીજીએ શીખવાડી દીધું તેનું અનુરટણ આજ સુધી ચાલ્યું છે ! આપણા કહેવાતા ઈતિહાસને વરસોવરસ તાગવા બેસતા સર્જકોને વર્તમાન અને ભાવી પેઢી પૂછી પડકારી ના શકે કે ક્યાં સુધી વહેરાવંચાના આ વારસાને બાપીકો કૂવો માનતાં રહેવાનું છે અમારે ?....

આ અને આવા વારસાના તાપેપરતાપેસ્તો મેઘાણીને પોકારવું પડ્યું હશે ને : 'તારાં પાતકને સંભાર, ઓ હિંદ મોરી માત !'

## એક ગુમ કરાયેલી ઘટના / દુર્ઘટના !

ખરે જ, ઘણુંક ઘણું બદલાયું હતું ગાંધીયુગમાં. પણ એક મિનીટ ! ત્યાં પહોચતાં પહેલાં મારે એક ગુમ કરવામાં આવેલી દુર્ઘટનાની વાત કરી લેવી જોઈએ ! સામાજિક અને સાહિત્યિક ઈતિહાસમાં ઘણીવાર આવો 'વેનિશિંગ ટ્રીક્સ'નો ખેલ ખેલાતો રહેતો હોય છે ! 1905માં આપણે ત્યાં 'બંગભંગ'

થયો હતો અને પેલી બાજુ રૂસમાં ઝારના સિંહાસનના પાયા ડોલ્યા હતા. આમજનતાએ ઊંચકેલી સ્વાધીનપતાકાના છેડાનો ફરકાટ ગુજરાતને અડક્યા વગર કેમ કરીને રહે ? એ પછીના દસકામાં-1917માં, રૂસની 'સર્વહારા ક્રાન્તિ' સફળ થઈ. એનો વિશ્વવ્યાપી પ્રભાવ છવાયો. આ સદીના માનવ ઈતિહાસનું એક આખું પાનું પલટાયું. ગુજરાતી સાહિત્યમાં પણ એક નવું પ્રકરણ શરૂ થયું. માત્ર સુરાજ્ય નહિ; માત્ર સ્વરાજ પણ નહિ... પણ સુરાજ્ય વત્તા સ્વરાજ્ય અને તેથીયે આગળ વધીને 'સર્વ માટેના રાજ્ય'ની વાત સમાજમાં અને સાહિત્યમાં આરંભાઈ. વિશ્વભરના કામદારોના મુક્તિસંગ્રામમાં ગુજરાતનો શ્રમજીવી અને તેની સાથે સર્જક પણ સંકળાયો-સંડોવાયો. '35માં', ભારતમાં સ્થપાયેલા 'પ્રગતિશીલ સાહિત્યસંઘ'ની શાખા ગુજરાતમાંય સ્થપાઈ. ત્રીજા દાયકાના આરંભે ગાંધીપ્રેર્યા સંગ્રામમાં વ્યસ્ત અને સર્જનમાં રત એવા સાહિત્યકારો આ સંઘમાં પૂરી નિસબત અને જોશોખરોશથી જોડાયા. વિશ્વશાંતિ અને બુદ્ધનાં ચક્ષુનો મહિમા કરનારાઓએ પણ આ પ્રવાહને અપનાવ્યો. લોક પરંપરામાંથી કોયો ભગત નવે અવતારે જાગ્યો ને ઘણ ઊઠાવવા હાકલ કરી. ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગવાની અગન વાણી ઉચ્ચારાઈ. શ્રમજીવીઓના શોષણ અને ભૂખની ભઠ્ઠીમાંથી સાહિત્યિક ક્રાન્તિ અને ક્રાન્તિકારી સાહિત્યની ચિનગારી પેટી. પ્રગતિશીલ કવિએ પોતાના પ્રત્યાઘાતી સમકાલીન સર્જકનો કાંઠલો પકડીને પૂછયું.... 'કવિ ! તને કેમ ગમે ?!' કવિએ વિરાટ દર્શન કર્યું ને કરાવ્યું. કરાલ કાલને જગાડ્યો. ઓતરાદા વાયરાને ઊઠાડ્યા....!

## મત્સ્યગલાગલ (અ)ન્યાય ?

પણ વરસ દિવસમાં તો આ હવાને નાથી લેવામાં આવી. '36માં' જ ગુજરાતી સાહિત્ય પરિષદના મંચ ઉપરથી ગાંધીજીએ કોશિયાનેય સમજાય એવું સાહિત્ય સર્જવાનું સર્જકને આહવાન આપ્યું. સૌનું સાહિત્ય-સૌને વિશેનું સાહિત્ય-સૌના માટેનાં સાહિત્યની વાત એવી રીતે, એવા અધિકાર અને આગ્રહથી કહેવાઈ કે પ્રગતિવાદી સર્જક ગાંધીવાદી બની ગયો ! આ પંથપલટો-આ દુવિધાનો કોઈ દસ્તાવેજ આપણી પાસે નથી. આજે પૂછી શકાય કે 'કેમ?' પણ સામે પક્ષે આ પ્રકારના મત્સ્યગલાગલ ન્યાયનું જવલંત ઉદાહરણ આપણી પરંપરામાં જરૂર મળી આવે છે : બ્રાહ્મણધર્મની સામે



વિદ્રોહના સૂર સાથે ઊઠેલી જૈન અને બૌદ્ધ વિચારધારાઓને ક્રમશ : કો-ઑપ્ટ કરી લેવાઈ હતી અને સાંખ્યયોગ અને વિષ્ણુના દસમા અવતારના નામે પૂજનીય સ્થાને બેસાડી દેવાઈ 'તી એની યાદ નથી આવી જતી તમને ?!... ખૈર... એ વખતે તો દુર્ઘટના ઘટી ચૂકી હતી. અને પછી તો....REST IS HISTORY ! ગાંધીયુગ એટલે આમૂલ પરિવર્તનનો યુગ. જુવાળનો યુગ. પ્રચંડ પ્રવાહનો યુગ. એમાં સૌએ પોતપોતાની સર્જનનાવડી ઝુકાવી દીધી હતી. એ મૂર્ધન્ય સર્જક હોય, સ્થાપિત હોય કે વિદ્રોહી... શિષ્ટમાન્ય નીતિરીતિનો હોય કે લોકઘરાણાનો.... સૌનો સૂર એક જ હતો : સ્વરાજ. આ ધસમસતા પ્રવાહમાં સૌની નાવડીઓ-તરાપા-લાકડાનાં ઢીમચાં....તમામ તરી પાર ઊતર્યાં. એ હવામાં વડ ઝૂક્યા ને તરણાંયે વંટોળાઈને આકાશે પહોંચ્યાં. સૌનું લક્ષ્ય એક જ હતું : સ્વરાજ.

## આપણી ચેતના : બુઠ્ઠી કે .... ?

પણ... પછી શું ? શું થયું 14મી ઓગસ્ટ, 1947ની મધરાતે ? આઝાદીની સાથે જ વિભાજન મળ્યું. મહાગુજરાતના પશ્ચિમ છેડાનું પાટનગર કરાંચી આપણે ગુમાવ્યું. હજ્જારો ગુજરાતીઓ કહેવાતી સરહદની પેલી પાર પોતાની દુનિયા છોડીને આ પાર આવ્યા. આ વિભિષિકા ક્યાંય વર્ણવાઈ છે ? એનું વિમર્શન થયું છે ? 'મૂળ સોતાં ઉખડેલાં' સિવાય એક્કે એવી કૃતિ હાથમાં નથી આવતી જેમાં આખી દુર્ઘટનાનું અનુભૂત આકલન હોય કે પછી અનુભવોનું આક્રંદ... ! કેમ ? પંડિત યુગે સ્થાપી આપેલો પેલો-સાહિત્ય તો ચિરકાલીન જ હોય-સર્વકાલીન જ હોય... સમકાલીન તો છાપું-એ માપદંડ એવો તે કેવો દંડ બનીને વિંઝાયો હશે કે આપણા સર્જકની ચેતના બુઠ્ઠી બની ગઈ ? ! ચાલો... એ આક્રોશને ટ્રાન્કવાઈલ થવા દઈએ... રાહ જોઈએ. પણ એ પછી પણ '69માં, '74માં-85-86-92 ના બાબરી ધ્વંસ સુધીમાંય આ પ્રશ્નને આપણે શકવર્તી કૃતિના રૂપમાં ચર્ચી શક્યાં છીએ ? કેમ ? જ્યારે આ જ પશ્ચિમભારતની અન્ય ભાષાઓ પંજાબી, ઉર્દૂ, હિન્દુસ્તાનીમાં મન્ટો, અમૃતા પ્રીતમ, યશપાલ, રાજેન્દ્રસિંગ બેદી, ખુશવંતસિંગ, મુલ્કરાજ આનંદ જેવા સર્જકોની કલમ લોહીઝાણ શબ્દો ટપકાવે છે. થોડા સમય પછી ભીષ્મ સાહની 'તમસ' લઈને આવે છે... આમાંની એકેએક પ્રતિભા સર્વકાલીન

સર્જકની નથી ? તો પછી ?... આપણી ચેતના એવી તે કેવી કે ?...! ભલા'દમી ! આવી આવીયે આઝાદી આવી ત્યારે બધા જ જાણતા હતા કે આ તો માત્ર રાજકીય સ્વતંત્ર્ય છે-સાચું સ્વરાજ-પૂર્ણ સ્વરાજ-સૌને માટેનું સ્વરાજ આણવાનું તો હજી બાકી જ છે ! અરે, આઝાદીના દોઢ દાયકા પહેલાંયે ક્રાન્તિકારીઓના હામી અને પ્રતિબદ્ધ પત્રકાર ગણેશ શંકર વિદ્યાર્થીએ તો સ્વરાજની કદાચ ટૂંકામાં ટૂંકી અને સાચામાં સાચી વ્યાખ્યા કરી જ આપી હતી : "મારી ભારતમાતાના ભાલ ઉપરથી ગરીબી અને અજ્ઞાનનું કલંક ભૂંસાય તે જ સાચું સ્વરાજ : આપણા સર્જકે આ સ્વરાજ માટે પોતાની શબ્દશક્તિને કેટલી કામે લગાડી ?.... યુફોરિયા ? હર્ષોદ્રેક ? ભોળપણ ? કોઠાટાઢક ? કે પછી નવી વ્યવસ્થામાં નવી નવી રીતે ગોઠવાઈ જવાની આકાંક્ષાઓ ?... કેમ ?

## આટલી લાં....બી આનંદમૂર્ચ્છા ?

આ આનંદમૂર્ચ્છા ઉતરવાને બદલે લંબાય છે. ગુજરાતી સર્જક સામે બે વિકલ્પ દેખાય છે. પૂર્વે પ્રગતિવાદી, ગાંધીવાદી કે તળપદી સંવેદના સાથે કામ પાડતા સર્જકોનું એક આખુંય જૂથ યોગમાર્ગે વળી ગયું-અધ્યાત્મચિંતનમાં ઊતરી ગયું-તો પલાયનવાદનું અન્ય રૂપાંતર આવ્યું પ્રકૃતિવાદ/સૌન્દર્યાનુરાગમાં. કિશોરવયે કપડવંજના ટાવર પરથી ધ્વજ ફરકાવનાર કવિ '47પછી અઠંગ સૌન્દર્યાનુરાગી બની જાય છે. આજે પાંચપાંચ દાયકા લગીયે એમનો નાજુક મિજાજ બરકરાર છે. અકળાય છે-અમળાય છે પણ પાછી પેલી અવધૂતીમસ્તી તો છે જ ! એ 'સ્કૂલ'ના નિશાળિયાઓ તો આજે આચાર્યો બની ચૂક્યા છે ને પેઢીની પેઢી પેદા કરી ચૂક્યા છે-કરતા રહ્યા છે. આ ભીડભાડમાં અલબત્ત, યંત્રયુગને પામવાની મથામણ કરતા-નગર સંસ્કૃતિની અભદ્ર વાસ્તવિક્તાનો વલોપાત કરતા નખશિખ નગરકવિનો નક્કર અવાજ ઉપર તરી આવે છે ખરો ! એ આધુનિક સર્જકનો આધુનિક અરણ્યમાં સંઘર્ષ હજી તો શરૂ જ થાય છે ને એવામાં જ એ ચૂપ થઈ જાય છે. આજે, આ સમયમાં નગરજીવન-યંત્રવાદ-મૂલ્યહ્રાસ અને હતાશાની કવિતા વધુ પ્રસ્તુત નથી લાગતી ? ભાવકોને સમાજને, એ વિશે પૂછવાનો-જાણવાનો- Right to know નથી ? -અધિકાર નથી ? આ 'બસ ! ફરવા આવ્યો છું'-નો



પલાયનવાદ અને સર્જકના દાયિત્વબોધનો અભાવ, સર્જક એટલે દુનિયાથી પર-દૂર, અલગારી, એમાંય કવિ એટલે તો... જવા દો ! આ રોમેન્ટિસિઝમથી તો કઈ પેઢી અસ્પૃષ્ટ હશે ?.... ને એ બધાંને પાછું આપણે ઊર્ધ્વગામી ચેતના કહેવાનું...વિશ્વના એવાં અગમઅગોચર પ્રશ્નો અને એથીય વધુ અગમઅગોચર ઉત્તરો વિશે લખે કે ૮૦% થીયે વધુ નિરક્ષર પ્રજા પહેલાં તો એમને વાંચી જ ના શકે ! વાંચવા જાય તો છંદાલંકારયુક્ત બાનીનાં વનઉપવન પસાર કરવાં કઈ રીતે...ને એય ધારોકે ઘૂસ્યાં તો વળી પાછા એમાંના પરમ અર્થોને પામવા કેમ કરીને ?... વાંચીને સમજાય, ગવાય-ને ન વંચાતું હોય તો હોઠે ચડી જાય ને પછી હૈયા સોંસરી ઊતરી જાય એવી કવિતાના દિવસો તો મેઘાણી સાથે જ વ'યા ગયા'તાને ? તેમ એમના પછી તો સુરુચિની નિશાળ ચલાવવાની તમા પણ વળી કોને રહી હતી, ભલા ? 'માનવીની ભવાઈના' પન્નાલાલની સર્જકતા સ્વરાજ મેળવ્યા પછી ક્રમશઃ સુસ્થાપન તરફ ગતિ કરતી કરતી સાતમા-આઠમા દાયકા સુધીમાં તો શંકરપારવતીના શરણે જઈને નમે વિરમે છે. પોતાની જ કૃતિનો વણછો પોતાની જ સર્જકતાને લાગે ત્યારે કરવાની ચિંતા, એમણે કે આપણે -કોઈની શેહ શરમ વગર ન કરવી જોઈએ ? ખાસ તો, રાજકીય તખતા ઉપર પલટાતા રંગો સાથે પંજો લડાવવાની તાકાત પણ ક્યાં દૂર સુધી દેખાતી હતી ?

## 'તમે' શું કર્યું ?

હા... ઉમાશંકર છિન્નભિન્ન થઈને આવ્યા, પુષ્પો સાથે વાત કરવાની મોમેન્ટ ઓફ સ્ટીલનેસની શોધ કરતા..! પહેલો નક્કર અ-છંદ સાંપડ્યો પ્રજાના પ્રતિનિધિ કવિના સ્વપ્નભંગની દુઃસહ ક્ષણ સમો ! સ્વાતંત્ર્ય પછી થોડા જ સમયમાં ભ્રષ્ટ બનતું જતું રાજતંત્ર : ભાષાવાદ-પ્રાંતવાદ-રાજ્યવિભાજન જેવા અંદરના ને બહારના દુશ્મનો સાથે આંગળી ચિંધીને એક ઉમાશંકર સીધો સવાલ કરતા જોવા મળે છે : 'તેં શું કર્યું ?' છતાં મને હમેશાં લાગ્યું છે કે સર્જક તરીકે ઉમાશંકર માનવીય મૂલ્યોને ટકાવી રાખવા સમસામયિક લખતા રહ્યા હતા પણ આલોચક-ચિંતક તરીકે સાહિત્યિક પરંપરાગત મૂલ્યોને જ અપહોલ્ડ કરી રહ્યા હતા અને આખા ગુજરાતી સાહિત્ય જગતની ચેતના, એમની એ જ નજરની ગતિમતિ અનુસાર પડતી-ઊંચકાતી હતી !

## ઉવેખાયા......આઘા ઠેલાયા

આવાં બેવડાં કાટલે તોળાતાં તોળાતાં સ્વાતંત્ર્યોત્તર સમાજચિંતનની આશાસ્પદ કૃતિઓ - 'પ્રલય', 'ઝંઝાવાત', 'કંટકછાયો પંથ', 'કલ્પવૃક્ષ', 'નેવું વરસ'... સાચા પરિપ્રેક્ષ્યમાં નથી તપાસાઈ-નથી રજૂ કરાઈ. જેમાં અમદાવાદનાં મિલકામદારો ને માલિકો, ખેડાજિલ્લાની અસ્પૃશ્યતા-સમસ્યા અને છઠ્ઠા દાયકાની વિશ્વ-વિગ્રહની કલ્પના... જેવા પ્રશ્નોની છણાવટ થઈ હતી. આજના સર્જક પણ આટલી નિસબતથી આ વિષયોને સ્પર્શ્યા નથી. શ્રીધરાણી, મડિયા, બકુલેશ, જયંત ખત્રી જેવા સર્જકો મોટે ભાગે વર્તમાન સાથે આંખ મિલાવીને વાત કરનારા હતા. પણ અડધાને છાપાળવા કહીને હળવાશથી લેવાયા, અડધા આપણી વચ્ચેથી વહેલા જ ઊઠી ગયા તો વળી જયંતી દલાલ જેવા આજીવન લડવૈયા લેખક પોતાની તિર્યક્તાને કારણે સમજાયા-પચ્યા ઓછા ! લોકને પ્રજામાં પલટવા માટે સીધા રાજકીય આગ્રહો આગળ ધરવાથી સાહિત્યિક મૂર્ધન્યો સામે બાખડી બાંધી બેઠા એથી આઘા રખાયા. આવું બધું 'સાહિત્યેતર' ઘણું ચાલ્યું છતાં સાહિત્યકારની સામાજિક-રાજકીય અભિજ્ઞતા અને એનું કૃતિમાં રૂપાંતર થતું એને જ 'સાહિત્યેતર' કહીને વખોડી નાખવામાં આવતું થયું ! હમેશા એક સવાલ પૂછાતો થયો-અહિં કલાકૃતિ બને છે ખરી ? !... આવી બધી ગણતરીવાળી ગોઠવણોને લીધે પેલું સાચું સ્વરાજચિંતન/ સ્વાતંત્ર્યોત્તર ચિંતન પણ આપણાથી આઘું ને આઘું ઠેલાતું ગયું ને ?...

## સીધું કન્ફ્રન્ટેશન કેમ નહીં ?

'દર્શક' લોકશાહી મૂલ્યોનાં રખોપાં સાટુ ચિંતવતા-લખતા રહ્યા છે એ સાચું. 'સોક્રેટીસ', 'કુરૂક્ષેત્ર' આપણને થોડો ઘણો સધિયારો જરૂર આપે - હા, થોડો ઘણો જ-કહીશ.... કેમકે છેક '57માં 'ઝેર તો ...'થી શરૂ થયેલી એમની શ્રમજીવન અને આશ્રમજીવનની, નગરસંસ્કૃતિ વિરૂદ્ધ ગ્રામસંસ્કૃતિની ચિંતનનિરૂપણની એકવિધતા આપણા જેવા દેશના પ્રશ્નોના સંદર્ભમાં મને એકાંગી લાગે છે. મૂડીવાદ, સામ્રાજ્યવાદની હિંસક ચુંગાલમાં ફસાયેલી, બજાર સંસ્કૃતિને બારણે નોંતરી બેઠેલી લોકશાહીને બચાવવાના ઉકેલ એમ વાડીઓમાં કે ભજનમંડળીઓમાંથી મળે ખરા ?



વળી એમને તો પાછું ઉંબરા છોડી ડુંગરા પૂજવા જવાનું... ને સરમુખત્યારશાહી-સત્તાખોરી-જેનોસાઈડની વાતો એ વિશ્વસાહિત્યનાં પાત્રોને લક્ષમાં રાખીને કરવાના... આપણે અહીંના વાતાવરણમાં તેને બંધ બેસાડતાં શીખી લેવાનું ! સીધું કન્ફ્રન્ટેશન કરવાનું જોખમ જ નહિ ને ?....

## સળવળેલી ક્ષિતીજો પરના દુર્બોધ આકારો

અને આમ જ... સમયની સાથે સાથે આધુનિકતાવાદે આવવાનું જ હતું. પણ અફસોસ, એ 'આપણો' બનીને ના આવ્યો. 'પરકીયા'ના લેબાસમાં આવ્યો અને સાહિત્ય પાસે કશાક સમ-વેદનની અપેક્ષા રાખતા ભાવકો માટે એ ઑરમાયો થઈને જ રહ્યો... આઘો જ રહ્યો ! સુરેશ જોષી અને એમની સ્કૂલનાં મિત્રો સાહિત્યની ક્ષિતીજ ઉપર આવ્યા ત્યારે ઘણી અપેક્ષા જાગી હતી. જેમની ચેતના વિશ્વસાહિત્યની ઉત્તમ કૃતિઓનું અવગાહન કરીને ઉછરી-પાંગરી હોય, તત્વજ્ઞાનના લેટેસ્ટ પ્રવાહોથી સુસજ્જ, સાહિત્ય જ નહિ તમામ અન્ય લલિતકલાઓ સાથે ફિલ્મકલા વિશે પણ કશુંક કહી શકવાના અધિકારી હોય... અને જેમને આસ્વાદક, વિવેચક તરીકે ઉત્તમથી ઊણું કંઈ જ ના ખપતું હોય એવા આ બૌદ્ધિકો પાસે યુગ પ્રવર્તક સર્જનની અપેક્ષા કેમ ન રખાય ? વિરોધ-અજંપો-અસંતોષ-સ્થાપિતો સામે બાંય ચડાવવાની બહાદૂરી અને થંભ થયેલાં મનજળને ડહોળી નાખવાની ખટાપટી... આ બધાં જ વિધેયક પરિબળો હતાં એમની પાસે; જે ધારત તો નહેરૂવિયન બ્લંડરોને એની સાચી સાઈઝમાં સાહિત્યમાં રૂપાંતરિત કરી શક્યા હોત; તૂટતી ભારતીય કુટુંબ પરંપરાને ને નવેસરથી ઊભાં થતાં નવ્ય સામાજિક મૂલ્યોને વ્યક્ત કરી શક્યા હોત... પણ અભિવ્યક્તિની અ-સામાન્ય તરાહોની ખોજમાં દુર્બોધ ને દુર્ગમ થતા ગયા... સામે પક્ષે સમાજ પણ એમનાથી દૂરનો દૂર જ રહ્યો. યુદ્ધોત્તર-યુદ્ધોત્તરના પોપટપાઠ બહુ ચાલ્યા પણ એને આપણા નક્કર વાસ્તવ સાથે-સીધી રીતે-સમજાય એવી રીતે 'રીલેટ' ના કર્યું અને એ ગાળાની સર્જક ચેતના જાણે ફાસફૂસિયો ફટાકડો બનીને રહી ગઈ. એમને તપાસતાં મને બે નિરીક્ષણો મળે છે : એક તો એમને પણ પોતાને ફાવતાં-ગમતાંનો ગુલાલ કરવામાં ને આમસમુદાયને જે સમજાય તેને સંતાડવામાં સૅડિસ્ટ પ્લેઝર મળતો હતો. એમાં એમની શ્રેષ્ઠતા જળવાતી પૂજાતી હતી ને ? આ નવ્ય-બ્રાહ્મણો માટે મારું

બીજું તારણ એ છે કે પેલા પૂર્વસૂરિઓ જેમ દ્વૈત-અદ્વૈત-દ્વૈતાદ્વૈત-શુદ્ધાદ્વૈતના વિતંડાવાદની પરંપરા ચલાવતા હતા તેમજ આપણા આ બૌદ્ધિકો પણ ખંડનમંડનમાં જ રાચતા હતા ને તે પણ માત્ર 'સાહિત્યક દુશ્મનો' સામે ! ખરા દુશ્મનો સામે તો એમણે આંખ લાલ કરી જ નથી... શું નડ્યું હશે એમને ? સુપરસ્ટ્રક્ચર માટે હોબાળો કરનારાની દૃષ્ટિ ઈન્ફ્રાસ્ટ્રકચરને હચમચાવવાનો પુણ્યપ્રકોપ કેમ નહિ આદરતી હોય ?.... અભિજ્ઞતાને 'આમ' બનાવવામાં આભડછેટ નડી હશે ? કેમ ?

## આધુનિક અરણ્યમાં

આનું જ અનુસંધાન જોવા મળે છે... મારા રેમઠના પૂર્વજોમાં ! વિદ્રોહ-નીડરતા - ઐસીકીતૈસીની ખુમારી-અભિવ્યક્તિની તાજગીની સાથે છલકાતી સર્ગશક્તિથી તરવરતા એ જૂથે સ્વતંત્રતાનો ઊંડો કે વ્યાપક અર્થ ના કર્યો. એમણે રચના-રીતિના સંદર્ભમાં રૂસ્તમ-સોહરાબી તો આદરી, મંગલમંગલના પોકળ પોકારોને વખોડયા તો ખરા પણ એને તત્કાલીન સમાજ-રાજકારણના પ્રશ્નો સાથે રીલેટ ના કર્યા... શું ખૂટતું હશે એમનામાં ?... કે પછી એ પેઢીસંઘર્ષ પણ આવનારાં વર્ષોમાં સુસ્થાપિત થવાના જ ધખારા હશે ?... અરે, એ તો આખી એક એવી સંવેદનશીલ પેઢી હતી જેમાંનાં મોટા ભાગના સર્જકો ગામડેથી શહેરમાં આવ્યા હતા. વિસ્થાપન-સ્થાપનના આ સાંસ્કૃતિક તનાવનું સાહિત્યિક નિરૂપણ રાવજી સિવાય કોઈનામાં ક્યાં દેખાય છે ? એને બદલે આ સર્જકો તો ઉપરછલ્લા આચારમાં જ બંડ કરીને રાજી થઈ ગયા. સુરેશ જોષીના આકારવાદ સાથે એમને ઠીક મેળ બેઠો કેમ કે એમાં આંગળી મૂકીને કઈ કહેવાપણામાંથી છૂટી છટકી જવાતું હતું ને ? સર્જક તરીકેની તમામ જવાબદારીઓ... અરે કોમ્યુનીકેશનની જવાબદારી સાથેય એમણે તો છેડો ફાડી નાખેલો ! કલ્પનો-જલ્પનોના જિગ-સૉ પઝલ્સમાં રાચતા આ સર્જકોની ચેતના ન જાણે કયા સમયને તાગતી હતી ! એમણે અવતારેલા એબ્સર્ડનોયે અસલ રાજકીય-સામાજિક સંદર્ભ ઊતરડી નાખેલો. ચર્ચ-સ્ટેટ-પુલિસ-બ્યુરોક્રસી-ખરીદાઈ ગયેલા બુદ્ધિજીવીઓથી પર ક્યાં હતું અસલ ઍબ્સર્ડ ? અહીં તો નકલમાંથી અક્કલનો સદંતર લોપ થઈ ગયો ! બીજી તરફ માણસની વાત શરૂ થઈ ને... ટોળાં-અવાજ-ઘોંઘાટ સામે આદરેલું કન્ફ્રન્ટેશન 'મા



વ્યવસ્થા'ની સાચી હાઈટ સિદ્ધ કરતાં કરતાં ચૂકી ગયું અને આજે તો ઉત્સર્ગતંત્રમાં અટવાઈને-પ્રવાહણના અર્ધવર્તુળોમાં ફંગોળાઈ ગયેલી પ્રચંડ સર્જકતા મેટાફિઝિકલ મનોરાજ્યમાં મ્હાલતી થઈ ગઈ ! તો પેલી બાજુ મોહેં-જો-નગરી... મુંબીમાં ભૂલો પડેલો મકનજી ક્યારે મહત્ત્વાકાંક્ષી બની બેઠો એની સરતેય ના રહી ! આજે બૌદ્ધિક બેન્ક્રપ્સીના કાળમાંયે એમની ચેતનાને 'પુરા'(ણાં)કલ્પન જ સૂઝે છે ? મિથનું વાહન જ માફક આવે છે ?

## .....આપણું અરણ્યરૂદન

મારો પ્રશ્ન હજી જ્યાંનો ત્યાં જ છેઃ દુરિત સામે સીધું કન્ફ્રન્ટેશન કેમ નથી કરતો આ સર્જક ? એના શબ્દમાં દઝાડે એવી આગ કે ભોંકાઈ જાય એવી ધાર કેમ નથી ? મૂલ્યહ્રાસ-મૂલ્યહ્રાસની વાત કરતા એ જણને કરોડો છેવાડાનાં પેલાં જણ કેમ નજરે નથી ચડતાં જેમના માટે કે જેમના વતી એની ચેતના કોઈ-કોઈ જાતનો છટપટાટ નથી અનુભવતી ! કેમ ? પણ સૌથી ચિન્ત્ય મુદ્દો તો એ પેઢીની ભાષા સાથેની લડાઈનો છે ! અલબત્ત, જો ચોક્કસ દૃષ્ટિથી છેડાઈ હોત-ચોક્કસ વૈચારિક ભૂમિકા સાથે શરૂ થઈ હોત તો આ લલકાર પેલા મૂલગામી પરિવર્તનનાં જ પગરણ બની શકી હોત. કેમકે ભાષા શક્તિ છે, ભાષા શોષણ છે, ભાષા સડેલી પરંપરા છે, ભાષા સ્થાપિત હિત છે, ભાષા વહેરાવંચાનો વારસો છે.... પણ આ જ વાત એમણે સાચા લક્ષિત જૂથ માટે ના કરી. કેમ ? ભાષા શોષણ સામે લડવાનું શસ્ત્ર છે એ વાત એમણે ના કરી. કેમ ? આધુનિક વિદેશી સાહિત્યની વાતો કરી ત્યારે એમણે ગઈ સદીના કે ગઈ પચાસીના વાસી વિચારોને વટાવીને વટ મારી ખાધો પણ લેટિન અમેરિકા કે દક્ષિણ આફ્રિકાના ક્રાન્તિકારી સર્જકોની વાત કદી ના કરી. કેમ ? આવડતું નહોતું એટલે કે પછી ફાવતું/પરવડતું નહોતું એટલે ?!... ચલો; એમની સમજણ અને એમની બિન્ધાસ્ત બેજવાબદારી એમને મુબારક ! પણ એમની છત્રછાયામાં જીવતી અમારી પેઢી માટે એ કયો રસ્તો ચિંધતા ગયા ?... ગીત-ગઝલની કસરતિયા કેડીઓ જ ને ? આભાસી એકલતા અને કૃતક વિચ્છિન્નતાના / શબ્દાળુ છંદ મુક્ત અતિલેખનનો જ ને ?... નહિ તો કટોકટી કાળમાં પોતપોતાની ગણતરીપ્રેર્યા એ સર્જકો જ્યારે ભ્રષ્ટ સત્તાખોરોના નામનું નહાવા નદીએ ગયેલા ત્યારે ત્યાં જ તટસ્થ

વિદ્યાપીઠોના ભોંયરાં-ગ્રંથાલયોમાં બેઠી બેઠી એમની અનુજપેઢી નર્યા લદાદા લદાદા તો ના જ ગોઠવ્યા કરતી હોત ને ?! પેલી તરફ કટોકટી અને નવનિર્માણપ્રેરી આખી એક નવી સર્જકપેઢી-જેના હિંમત ખાટસૂરિયા જેવા પ્રતિબદ્ધ પ્રહરી હતા, જેમણે સંઘર્ષ સાહિત્યની શગ સંકોરી હતી, જેમને નવાં અજવાળાં ઊતારવાં હતાં; તેમને અવગણવા, આઘા રાખવા, એકલા પાડી દેવાના કારહા પણ આ પૂર્વજપેઢીને આવડતા હતા. આવુંતેવું 'સાહિત્યેતર' તો યુગે યુગે ચાલતું જ રહ્યું છે..... કોઈ પેઢી પોતાનો આવો 'યુગધર્મ' (!) ભાગ્યે જ ચૂકતી જણાય છે !

## રાજપથ.....જનપથ..... પણ ક્યાં છે 'લોકપથ' ?

એટલે જ કદાચ આ સુ.જો. સ્કૂલમાં જે ના પહોંચવા પામ્યા ને લા.ઠા. મઠથી આઘા રહેવા માગતા હતા એવા.... સ્વસ્થ-તટસ્થ રહીને નર્યો સાહિત્ય કસબ અજમાવતા હતા એવા... સર્જનને લોકપ્રિયતા કે પછી સુસ્થાપનની સીડી માનીને લખ્યે જતા હતા એવાઓનો રાજપથ તો કદી જનપથ બનવાનો જ ન હતો ! અથવા તો એ માનતા હતા કે 'જનપથ' એટલે તો વૃન્દાવનની કુંજગલી જ... જ્યાં યુગે યુગે... સદીઓથી સનાતન સૂર સાંભળવા મળવાનો જ છેં ! લોકોને આ જ જોઈએ છે, લોકોને આવુંજ ગમે છે- આમાં જ ગમ પડે છે એવાં ગૃહિતો સાથે પલાયનવાદી લેખન-વ્યાયામ કર્યે રાખનારાઓની ચેતનામાં / કહો કે સમજણમાં -'લોકભોગ્ય'-'લોકગમ્ય'-'લોકલક્ષી'-'લોકાભિમુખ' કે 'લોકપક્ષી'.... તમામનો અર્થ એક જ હતો : 'લોકપ્રિય' ! એની સામે કોઈ બુદ્ધિજીવીએ, કોઈ વાંચનવીર વિવેચકે, અનુવાદવીર આલોચકે લાલ બત્તી ના ચીંધી ? કેમ ?

## નવી તાસીર - નવો મુખવટો

આમ તો કટોકટી પૂરી થઈ અને આઠમા દાયકામાં આપણા કહેવાતા-દેખીતા સમાજવાદનો સૂરજ અસ્ત પામ્યો ! દેશના રંગમંચ ઉપર સત્તાનો વરવો નાટારંભ શરૂ થઈ ગયો ! સમૂહમાધ્યમો ઊભરાવા લાગ્યાં ! સર્જક લેખક બન્યો અને પેલા ધોળા હાથીને ધરવવા સવારે અખબારી કોલમ લખવા લાગ્યો ને સાંજે સાહિત્ય-સર્જન ! સાધારણ નાગરિકની સામાન્ય દુનિયાની



સર્વસામાન્ય સમસ્યાઓ માટે છાપાં હતાં. સાધારણ ભાવકની સામાન્ય રુચિ સંતોષવાને ધારાવાહિક નવલકથાઓ-જનરંજનિયાં ગીતગઝલ અને ગદ્યના નામે ગળચટ્ટાં ઉપદેશલેખોની ભરમાર વધી પડી. અકાદેમીઓ ને સાહિત્યક સંસ્થાઓમાં લેખકોને તોષવા-પોષવાનાં પારિતોષિકો વધતાં ગયાં-પુરસ્કારો-પદવીઓ-સમિતિઓ ને કારોબારીના નામ નીચે રાજ્યાશ્રય નવો મુખવટો ધારણ કરીને આવ્યો. સરકારી યોજનાઓ, વિકાસની ગુલબાંગો, ગ્રામસુધારના ગપાટા અને એ બધા માટે ફરમાસુ લેખન કરતા લેખકની ચેતના ક્યાંથી ઉન્નત મસ્તક રાખી શકવાની હતી ? અરે, એ ફરમાસુ ને બજારૂ લેખનની બહુલતા વચ્ચે - જનતાના ખરેખરા પ્રશ્નો પ્રત્યે એ જાગરૂક બની શકે એવી ફુરસદ હતી એને ? સાચી રીતે સમાજ સાથે સંડોવણીની તૈયારી હતી એની ? આ બધાંમાંથી સમાજિક-રાજકીય અભિજ્ઞતા કેળવવાની સભાનતા હતી એનામાં ? કશુંય નરવું-નકોર બચી શકે એમ હતું આ બધાં વચ્ચે ?!...સમૂહ માધ્યમો સાથે સંકળાયેલો લેખક નવી તાસીરને સ્વીકારતો થયો; પોતાના અધિકારો માટે જાગૃત થતો ગયો એ સાચું... પણ એની વ્યાપ્ત ચેતના પેલા છેવડાના જણના અધિકારો સુધી, શોષણ સુધી પહોંચી ખરી ? સળવળી ખરી ?... કે પછી એને માટે પોતાની ને પોતાનાં વર્તુળોની સલામતી ને સ્થાપના જ મહત્ત્વની હતી ? કદાચ આ બધાંનો ઊત્તર ભાગ્યે જ હકારમાં આવે.

આ સમયગાળામાં જાણે સાહિત્ય અને સર્જક પોતાની પ્રભાવકતા-આવશ્યકતા ગુમાવી બેઠાં હોય એવું નથી લાગતું તમને ? પણ આમાં પડકારવા કોને ? લેખકોના અનુભવજગતને ? એમની સલામતીપ્રિય લેખનવૃત્તિને ?!...કે પછી यशसे-अर्थकृते-स्वान्तःसुखाय.... એવી એવી વિભાવનાઓને ?!... આ વિભાવનાઓ આવી ક્યાંથી ? વારસામાંથી. વારસાને કેમ ના પડકારાયો ?..

અલબત્ત, વારસા સામે પડકાર ફેંક્યો : એક દલિત સાહિત્યકારોએ અને બીજો - નારીવાદી સર્જકોએ !

## નવા હસ્તાક્ષર - નવા પડકાર

હવે એવા ચાલાક ભોળપણથી મને પૂછશો નહિ કે સાહિત્ય તે વળી 'દલિત' હોતું હશે ? કેમ નહિ ? કવિ 'બ્લેક'-'એબ્સર્ડ' 'સરૂરિયલ' હોય તો પછી 'દલિત' કેમ નહિ ?

હા, એ લોકોએ લખ્યું... લખવા માંડ્યું...! સળવળેલી દલિત ચેતનાના પરિણામ સ્વરૂપે દલિત અત્યાચાર શરૂ થયા-એના પ્રતિકારમાં દલિત આંદોલનો છેડાયાં ને એની પડખે કડખેદ થઈને દલિત સાહિત્ય સરજાતું થયું. નવા પ્રશ્નો-નવા પડકારો સમાજની જેમ સાહિત્યમાં પણ ઉપર તરી આવ્યા.

સદીઓથી શ્રમ કરતા આવતા અને સામાજિક અપમાન અને અન્યાય વેઠતા આવતા વિશાળ સમાજની વેદના 'first hand' રીતે વર્ણવાઈ. freedom for all ની વાત થઈ. આ સર્જકોએ પીડા તો ગાઈ પણ પડકારો પણ કર્યા. ખાસ કરીને '81નાં અનામત વિરોધી અત્યાચાર અને તે કાળે છેડાયેલાં આંદોલન વખતે ! મહારાષ્ટ્રનું દલિત આંદોલન, દલિત-પેન્થર વિચારધારા અને દેશભરના રાજકારણની આબોહવામાં જે વાવંટોળ જાગ્યો હતો એમાં દલિત સર્જકોનો એક ચોક્કસ અવાજ ગૂંજી ઊઠ્યો. ખાસ તો કવિતામાં નીરવ પટેલ, પ્રવિણ ગઢવી, બિપીન ગોહિલ જેવાઓના અનુભવો અને આક્રોશની વેધક તીક્ષ્ણતા સદીઓ જૂનાં મૌનનાં પડળોને ચીરીફાડીને ધસમસી આવે છે. પણ ક્રમશઃ રાજકીય આંદોલનો શમે છે અને દલિત સૂર પણ મંદ પડે છે - સર્જક સ્પૉટ રનીંગ કરતો જણાય છે તો ક્યાંક એમની લડત એમના પૂરતી જ રહેવા-રાખવાની મર્યાદાને કારણે એક પ્રકારનું સૅક્ટેરિયન બંધિયારપણું આવતું જણાય છે. 'વ્યથાનાં વીતક'માં વેદના સાથે વિદ્રોહને વણી શકેલા જોસેફ મેકવાન 'બીજા પન્નાલાલ' થવાના કોડમાં ઠરતા જાય છે, ઠરીઠામ થતા જાય છે. પણ દલિત સર્જકોની ચેતના સામે મને બે પડકાર દેખાયા છે : એક તો ગુજરાતમાં દલિત આદોલનની મંદતા અને બાબા સાહેબની મૂર્તિપૂજા. પહેલાને માટે તો માનસિકતા અને મહત્ત્વાકાંક્ષા જવાબદાર છે તો બીજાની પાછળ છે આપણી જૂની ને જાણીતી શ્રદ્ધાભક્તિ...! આ સર્જકો પોતાના પ્રશ્નોને-એના ઊકેલની શક્યતાઓને વિશ્વસમસ્તના વંચિતો-સર્વહારાઓ સાથે સાંકળશે અને સંઘર્ષરત થશે ત્યારની ધાર ઑર નહિ બને ? અને હા... દલિત સર્જનનો વ્યાપ પણ વધશે. એમાં માત્ર જન્મે દલિત હોય એના જ સર્જનની વાત નહિ થાય !... પણ આ વ્યાપકતા સાધવા દલિત સર્જકો અને બાકીનાં બિનદલિતો-આપણે સૌ... તૈયાર છીએ ખરાં ? ખુલ્લાં છીએ ખરાં ? 'મનોરથ'માં રઘુવીર મોટાભાઈની અદાથી દલિત સમસ્યાને



સ્પર્શે અને રથયાત્રાના નિમિત્તે કોમી એકતાની વાત લઈ આવે... એ પ્રસ્તુત નથી લાગતું તો પેલી બાજુ 'બદલાતી ક્ષિતીજ'નો નાયક નપુંસક હોય એને આયરની સમજવી કે ટ્રેજેડી ?

## બળુકો અવાજ પણ કઈ દિશામાં ?.....

એના એ ગાંધી ચિંધ્યા માર્ગે એક તરફ દલિત સાહિત્યે વારસાને પડકાર્યો તો બીજી તરફ નારીવાદી આંદોલન શરૂ થયું. ગુજરાતમાં ત્યાર પહેલાં નારી સર્જકો નહોતાં એવું નહિ; બલ્કે સ્વાતંત્ર્યસંગ્રામ હોય કે ગુજરાતના સાક્ષરયુગનું સાહિત્યકારણ હોય-સમાજજીવન હોય... છૂટાંછવાયાં લેખિકાઓ પાસેથી અચ્છાં દસ્તાવેજી મૂલ્યો ધરાવતી માતબર કૃતિઓ મળતી રહી છે - 'જીવન સંભારણાં' અને 'મૂળસોતાં ઊખડેલાં' આજેય અનન્ય જણાશે. અન્યથા પણ લેખિકાઓની આગવી ઢબછબની આગવી છબી ઉપસાવતી નવલકથાઓ મળતી જ રહેતી હતી. ધીરૂબેન જેવાં સિદ્ધહસ્ત સર્જકે 'વડવાનળ' જેવી કૃતિમાં નારીમાનસનાં અનેક આયામો જે રીતે ખોલ્યાં છે એ ચોક્કસ એને શકવર્તી કૃતિ બનાવે છે. વર્ષા અડાલજા મોટાભાગે જાગતિક અને સ્થાનિક, રાજકીય અને સામાજિક ઇશ્યૂ લઈને જ લખે છે - એમની 'સબળા' કલમ વિશે લખતાં વિવેચકો કરકસર કરે છે. કેમ ? હિમાંશી શેલત જેવાં બિનજરૂરી ઉધમાત વિના પણ પ્રશ્નોને સાચુકલી રીતે સ્પર્શી લે છે. નીતા રામૈયા જેવાં નારીવાદી કવયિત્રી આંદોલનની સમજદારી પછી લખવા વળે છે અને પાયાના પ્રશ્નો સાથે કન્ફ્રન્ટ કરે છે - પર્સનલ એ જ પોલીટીકલની ભૂમિકા છે એમની .... પણ સમષ્ટિનો વ્યાપ કેમ ખૂટે છે ? પણ નારીવાદ એ જુદી જ વાત હતી. આ એક રાજકીય સામાજિક વળાંક હતો. વૈયક્તિક સંવેદનો કે પારંપરિક બંધનો; બલિદાન કે ભૂમિકાની ભજવણીની વાતથી અલગ પડતા નારીવાદી સર્જનમાં પિતૃસત્તા-પુરુષપ્રધાનતા - પરંપરા સામેનો સીધો સંઘર્ષ ઝીલાતો થયો. 'બત્રીસ પૂતળી'થી શરૂ થયેલા અને 'સાત પગલાં'થી નોંધપાત્ર બનતા જતા આલેખનમાં આક્રોશ છે-તીખાશ છે-તીવ્રતા છે-આદર્શ પણ છે, પણ વ્યાપકતા મર્યાદિત છે. આજે નારીવાદી આંદોલન અને સાહિત્ય- માત્ર શહેરી, મધ્યમવર્ગની બહેનોના જ હાથમાં રહેશે ને એમના જ પ્રશ્નોનું નિરૂપણ કર્યા કરશે તે કેમ કરીને ચાલશે ? શ્રમજીવી, તળનું જીવન જીવતી, નરી ઉત્પાદનનું

સાધન બની ચૂકેલી નારીની વાત એમાં નહિ કરાય તો સાચા અર્થમાં નારી-મુક્તિ કેવી રીતે સધાશે ? એકાદ 'ગિરાસ'થી ન ચાલે ... ! જેમ નારી આંદોલનને પણ વ્યાપ અને ક્રાંતિની દિશા જરૂરી છે; તેમ જ એના પ્રતિનિધિ સાહિત્ય માટે પણ વ્યાપક ક્રાંતિકારી વળાંક જરૂરી છે. આને માટે માથાં વધે એટલું જ ન જોવાય ...... સાચી દિશાનું સર્જન થાય તો જ અડધી દુનિયાની અસવાર એવી બહેનોનેય સ્વરાજની ભાગીદારી સાંપડે ! બાકી તો શું દલિત સમુદાય કે શું નારી સમુદાય : નર્યા રાજકીય અધિકારો માટેનો એમનો સંઘર્ષ અપૂર્ણ જ રહેવાનો .... પણ આ ને આવા પ્રશ્નો આપણે - આ બંને તબક્કાનાં સર્જકો સાથે મળીને ચર્ચવા વિચારવા તૈયાર છીએ ખરા ? સબાલ્ટન સમુદાયના બળુકા અવાજને ક્રાંતિકારી વિચારધારા સાથે સાંકળવાની તૈયારી વેળાસર નહિ બતાવીએ તો .....

તો શું થશે ? ....... એ જ - કો-ઑપ્ટ થઇ જવાનું; બીજું શું ? સ્થાપિત થઇ જવાનું ; બીજું શું ? આપણને સર્જકોને શું જોઇએ ? - મારા ક્વચિત કવિતા લખતા મિત્ર હિરેને કહ્યું છે તેમ :

"વાટકીભર બેન્ક બેલેન્સ...
લોટાભર પબ્લિસીટી...
ને પીપ ભરીને પ્રશંસા...!"

## શોષણનું નવતર રૂપ ?

આટલે સુધી આવતાં આપણે એક ચોક્કસ વળાંકે ઊભા રહી ગયાં છીએ નહિ, વારુ ? ગયા દોઢ દાયકાનું આપણા ગુજરાત - દેશ અને દુનિયાનું રાજકારણ, સમાજકારણ..... રાજકીય અને સાંસ્કૃતિક કટોકટી.... સમૂહ માધ્યમોની ચડાઇ અને સાહિત્યમાં અનુઆધુનિકતાવાદ ! આ અનુઆધુનિકતાવાદ તે શાની નિપજ છે વારુ ? - લીબરલાઇઝેશનની ? ગ્લોબલાઇઝેશનની ? કે પછી બર્લિનની દીવાલ કડડભૂસ થઇ એના માનમાં ?.... પેલા દલિત સાહિત્ય અને નારીવાદી સાહિત્ય, સબાલ્ટન સંસ્કૃતિના અવાજને પણ આ અનુઆધુનિકતા સાથે જોડી દેવાય છે ને ? ગુજરાતમાંય એક તરફ NGO દ્વારા દલિતો-આદિવાસીઓ-મહિલાઓના નવીભાતનાં જાગૃતિકરણની શરૂઆત



થઇ તે છેલ્લા દાયકાની પેદાશ..... અને એ જ અરસામાં પરિષ્કૃતોએ પણ - તાજા જ જણાતા અભિગમ ને અભિનિવેશથી સબાલ્ટન કલ્ચરની બોલબાલા કરવા માંડી છે ને ? એમનો ઝોક છે ભાષા ઉપર સંસ્કૃતિની તળપદી અભિવ્યક્તિ ઉપર. પણ એમની આ તાજગી તપાસવા જેવી છેઃ એમના વળને 'જાનપદી' કે 'આંચલિક'થી જુદો કેવી રીતે ગણવો ? વિવિધ બોલીઓનાં વાઙમયના સીધા જ દસ્તાવેજી નિરૂપણને લોકવાઙમયથી અલગ શા માટે ગણવું ? ('ગદ્યપર્વ'માં પ્રગટ થતી કેટલીક સામગ્રી જોતાં લાગે છે કે આને તો અમે 'લોકસાહિત્ય' કહેતાં અને એ વૈજ્ઞાનિક તથ્ય છે. એને 'સાહિત્ય' તરીકે શી રીતે ખપાવવું ?) પણ એનાં કરતાંયે મને મુંઝવે છે તે પ્રશ્ન એ છે કે બધી જ બોલીઓમાં સાહિત્ય મળતું થાય એ ઘટનામાત્રથી અમારે રાજીના રેડ થઇ જવાનું ? સારી વાત છે..... સારોયે સમાજ બોલતો-લખતો થાય છે એ જ સાચું સ્વરાજ છે એમ આપણે છેલ્લી વીસ મિનીટથી વાંચ્છતાં આવ્યાં છીએ પણ.... એ સમાજ 'શું' લખતો બોલતો થાય છે એનું કોઇ મહત્ત્વ નહિ ?! એ જ જરીપુરાણા માપદંડો અનુસાર સ્ત્રી-પુરુષ સંબંધો, મેળા, જાતર, જાતીયવૃત્તિઓની સંકુલતા વગેરે વગેરે વગેરે...? તો પછી આમાં નવી વાત શી છે ? આજ સુધીની એમની ઈન્વીઝિબિલીટી હવે શી રીતે જસ્ટીફાય થાય છે ? એ જે તે બોલીપ્રદેશોમાં ઘણા ઘણા પ્રશ્નો છે-પડકારો છે... આઝાદીની અડધી સદી પછીયે ત્યાં આમ આદમી જાનવરની કક્ષાએ જીવે છે... એની કોઈ વાત નથી માંડવાની આ પરિષ્કૃતોને ? આજની તારીખમાંય ગ્રામીણ પરિવેશ અને બોલીઓ પરત્વેનો આટલો બધો રોમેન્ટિક અભિનિવેશ ?!...શા માટે ? ભાષા જ જાણે 'સાધ્ય' બની ગઈ ? આ તો પેલી જાપાનીસ કહેવત જેવુ થયું : ("મેં તો ચંદ્ર તરફ આંગળી ચિંધેલી-તમે તો આંગળીને જ ચંદ્ર માની બેઠા !")

મારી બીજી ચિંતા તો એ છે કે આ જુવાળમાં દલિત સર્જકોને કો-ઑપ્ટ કરી લેવાનો 'કારહો' તો નથી અજમાવાતો ને ? કેમ કે પરિષ્કૃતો વારસાને જ સાહિત્ય માને મનાવે છે... ને પેલી બાજુ દલિતો-નારીવાદીઓએ વારસા સામે વિદ્રોહ કરવાનો છે. આ વિદ્રોહને વાળી ખાળશે તો એમના જુસ્સાનું શું ? એમના પરિવર્તનનું શું ? ક્યાંક શોષણનું આ નવતર રૂપ તો નથી ને ?...

## ઝાલર વાગે જૂઠડી !

આટલું ઓછુ હોય તેમ 'દેશીવાદ'ની શરણાઈઓ વાગતી સંભળાય છે ! આપણાં મૂળિયાં, આપણી સંસ્કૃતિ, આપણી પરંપરા, આપણો ઇતિહાસ - ના નામે આપણે પાછાં પગલાં તો નથી ભરવા માંડ્યાંને ? પ્રજાકીય ઈતિહાસ હંમેશાં ભવ્ય - હંમેશાં ગૌરવશાળી જ નથી હોતો ! એમાં ઘણી બધી અંચઈઓ-અન્યાયો હોય છે.

આજે - છેલ્લા દાયકામાં જ્યારે પુરાતનપંથી રાજકારણ-સમાજકારણે પ્રજાની ને લોકશાહીની તંદુરસ્તી બાનમાં લીધી હોય ત્યારે આ પરંપરાપૂજન નર્યા રોમેન્ટિક ભોળપણથી જ ગાતું-ગૂંજતું થયું હોય એમ માની લેવાનું ?!... ભીષણ-યાંત્રિક પ્રગતિ અને ગંજાવર વિકાસના માળખાંથી ત્રાસીને વારસાની નોળવેલ સૂંઘવા દોડી જવું પડતું હોય એવી ટેક્નોલોજીકલ કટોકટી આપણે તો હજી અનુભવવી પડી નથી ! આપણે તો હજી સાદાં મશીનોની કળથી પણ જોજનો છેટાં છીએ - ખાસ કરીને આપણો 70 %થીયે વધુ તળપદ-શ્રમજીવી સમાજ ! એમની સાથે ને એમને માટે તો હજી વિજ્ઞાન અને ટેકનોલોજીનું પરોઢ પણ પૂરેપરું નથી ફૂટ્યું...એમને માટે તો હજી આપણે ઈતિહાસે કરેલા અન્યાયનું પ્રાયશ્ચિત કરવાનું બાકી છે... ત્યાં પાછો એમના વતી ને એમને માટે આ 'દેશીવાદ ?'

અસ્મિતાને નામે, સંસ્કૃતિરક્ષણને નામે પ્રત્યાઘાતી મૂલ્યો ને પ્રત્યાઘાતી વલણોને શા માટે માથે ચડાવવાં પડે ? જાગતાં પહેલાં જ આ તે કેવાં ઘેન-ધારણ ?! ને આ બધું પાછું આકર્ષક પેકેજમાં આવવાનું... આ પરિષ્કૃતિ, ને દેશીવાદ... આમ સમાજને પોતીકું પોતીકું લાગવાનું.. ઉપરછલ્લી રીતે ! પણ એનાં એ ફીટ્ટુ ચિતરામણમાં ક્યાં સુધી રાચવાનું ?!

આ જ મુદ્દાને સમાજવૈજ્ઞાનિક ધવલ મહેતા કંઈક આ દૃષ્ટિએ જુએ છે : "લોકસંસ્કૃતિને ગ્લોરીફાય કરનારા આપણા સાહિત્યકારો, ધાર્મિકો, ગાંધીવાદીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ ભારતની ગરીબી માટે ઓછાં જવાબદાર નથી. તેઓ ગામડાંની પરંપરાને, રૂઢિઓને ને સંસ્થાઓને સમર્થન આપે છે..."



## જોઇએ છે એક અખો, એક કબીર, એક નરસિંહ..... નવેસરથી !

મિત્રો ! ખરેખર તો આપણને જોઇએ છે એક અનુસંધાન... પેલા પાછળ છૂટી ગયેલા રેનેસાં-જ્ઞાનપ્રકાશ યુગનું અનુસંધાન ! -કહો કે નવેસરથી - નવો જ્ઞાનપ્રકાશ ! ગઈ સદી કરતાં આજના સર્જક સામે મોટા પડકારો છે - મોટી જવાબદારી છે. એકતરફ બજાર સંસ્કૃતિનાં મોહક આક્રમણો સામે માંહ્યલાને સાબૂત રાખવાનો છે, ભ્રષ્ટ શાસકોએ બિછાવેલી લપસણી લાલજાજમોથી અળગાં રહેવાનું છે, પ્રત્યાઘાતી વલણોવિચારોથી ચેતતાં રહેવાનું છે...ને બીજી તરફ દાયિત્વપૂર્વક પોતાના ભાવકનેય કાયમ જાગતો રાખવાનો છે - જીવતો રાખવાનો છે. કોઈ કાળે કબીરે - નરસિંહે - અખાએ આચરેલા કવિકર્મની - સર્જકધર્મની જરૂર છે આજે ! આપણે શું કરવું છે - આપણી આઝાદીનું, એ આપણા હાથની વાત છે દોસ્તો !

બાકી તો.... આજે આમ તમારી સમક્ષ ઊભી છું ત્યારે :

### હું - કવિ : છું તૈયાર ?

જોતજોતામાં<br>
નગર કંકર, નગર પથ્થર, નગર ખંજર, નગર નશ્તર,<br>
નગર ખંડર, નગર તણખો , નગર ભડકો, નગર ભડથું<br>
નગર...<br>
આમ નગર નગર કરતી'તી... ત્યાં તો<br>
કોશ કોદાળી પાવડા હથોડા હાથબોમ્બ કલમ કમ્પ્યૂટર<br>
ને ડીશ-એન્ટેના વિંઝતાં ફંગોળતાં<br>
ટોળેટોળાં તૂટી પડે છે... મારી ચોપાસ-ચારેકોર...<br>
ને જોતજોતાંમાં ઊગી જાય છે ન્હોર ને થોર માણસજાતને.<br>
આ દુર્ઘટનાના સાક્ષી બનીને જ<br>
રહી જવાનું છે મારે ?!

હું : કવિ.
મારાથી ખબરપત્રી થઈને રહેવાતું નથી
અને ભાટચારણ બનીને મારે જીવવું નથી.
કચકચાવીને કંઈક કહેવું છે મારે
આ કાવતરાં વિશે
હું : કવિ.... છું તૈયાર ?

*[૨૮ ડિસેમ્બર, ૧૯૯૭ - વડોદરા ખાતે સાહિત્ય પરિષદના ૩૯મા અધિવેશનની અંતિમ બેઠકમાં આપેલું વક્તવ્ય, મઠારીને.]*



# બિરાદર હિંમતભાઇને.....

- સરૂપ ધ્રુવ

(૧)

હિંમતભાઇ !
એ લોકોના શિલાલેખો તો ખર્ખર્ ખરતા રહ્યા છે
અને ખરતા જ રહેવાના છે;
પણ આપણી વાણી તો ઠેઠ તળિયેથી માંડીને
ટાપુની સપાટી સુધી પથરાઇને પરખાતી આવી છે
અને પડઘાતી રહેવાની છે.
એ લોકોના આદેશો અને આજ્ઞાઓ તો
યુગોના યુગો લગી, જડબેસલાક અવસ્થામાં સડતાં રહ્યાં છે ને
સડી મરવાનાં છે... ગંધાઇ ઊઠવાનાં છે
પણ આપણાં ગીત તો વમળનાં મૂળિયાંમાંથી ઊભાં થઇને,
મોજાંની છાલકોનાં ફીણનો ફરફરાટ બનીને વેરાઇ જવાનાં છે...
વહેંચાઇ જવાનાં છે.
એકમેકને હળતીમળતી હથેળીઓની હૂંફમાં,
અરસપરસ ફરતી ચલમની ચિનગારીઓમાં
અને શ્રમના સૂરે ધબકતી છાતીઓના ખૂણે જલતી,
જળવાતી આપણી આગને

એ લોકો
નહિ તો ઠારી શકે, નહિ તો દાબી શકે, કે નહિ તો છાંટી શકે
એમની ટાઢીબોળ, સૂગાળવી અવગણનાનાં ગંગાજળથી !
આપણાં ગીત તો વડવાનલ થઇને
ઘૂઘવતાં રહેશે
આ જ પાણીના પેટાળમાં
આ જ સમદરની ક્ષિતીજ ઉપર !

(૨)

હિંમતભાઇ !
હજીયે ગૂંજે છે
તમારી કવિતાનો બળકટ ઉછાળ
આ સોરઠના સમદરતટે.
દિશાઓ પણ સાંભળે છે,
સરવા કરીને કાન.
મારગની શોધમાં નીકળેલાંને ઇજન છે...
તમારા ઘેઘૂર સાદનું...
ક્રાંતિના બુલંદ એ નાદનું.
ક્યાં ક્યાંથી આવે છે આ અવાજ ? આ સાદ ? આ નાદ ?

મૂંગી માછલીઓનાં ભીંગડાં ઉતારતી - સાફ કરતી
કેરળકન્યાઓની મૂંગી વ્યથામાંથી...
કડકડતા દોર અને કિચૂડાટતા કૂવાથંભ પકડીને
સડેડાટ ચડ-ઉતર કરતા ખારવાઓની વજ્રપકડમાંથી...
અડધી રાતના અંતરિયાળ જુવાળમાં તરતા મછવા પર



મીટ માંડીને બેઠેલા
માછીમારની આંખોમાં તબકતાં આશાભીના પરોઢના ઉજાસમાંથી...
દારૂડાની પિયાલીમાં બાર બાર માસના વિજોગને ડૂબાડતી
ખારવણોના વલોપાતમાંથી...
ફરકતી ભગવી શિવધજાની છાયામાં બબ્બે રૂપિયામાં બાળપણ વેચતી
બાલિકાની અણસમજુ છતાંય લાલચુ લાગતી આંખોમાંથી...
બસસ્ટેન્ડ પર બૂટ પોલિશ કરતા ટેણિયાની
અકાળે જ ચાલાક થઇ ગયેલી ઉધ્ધત સિસોટીમાંથી...
કેસર કેરીનાં રંગબેરંગી ખોખાં અને સોનેરી કેળાનાં
પીળા ઘમરક લૂમખાંને
હમણાં જ ખટારે ચડાવીને, હાંફતાં બાવડાંનો પસીનો લૂછતાં,
બજારના ખૂણે બેસીને, ડુંગળીના દડા વગર જ
સૂકો રોટલો બટકાવતા,
મૂલીમજૂરના અકળ-અગમ અસંતોષના તિખારામાંથી...
પણે...
તૂટતાં જહાજોની પોલાદી પકડમાં
ચેપાતા - ચિખતા બિહારી મજૂરોની બિરહાની તાનમાંથી...!

છે...
મારા - અમારા અને તમારા મનપ્રદેશમાં
તૂટતાં જતાં દેવાલયો ને મહાલયોના ધ્રૂજતા થરથરાટમાં પણ
એનો ધ્વનિ છે;
વિકાસના નામે વહેતી મૂકાયેલી વારતાઓ સાંભળતાં
અબૂધજનના હોંકારામાંયે એનો અણસાર છે;
અને હા...
ઇતિહાસના અણસમજાયેલાં પૃષ્ઠો ઉપર
પ્રશ્નચિહ્ન બનીને વંકાઇ ગયેલા પેલા દારતડાના
તીખા-તીણા કરકરાટમાંયે
એનો પડકાર છે.

ને એટલે જ તો બિરાદર !
મારા - તમારા ખભાથેલાને
સાગરને
અને ક્રાંતિને-
ક્યારેય ક્યાં કોઇ સરહદો નડે છે !

રચના સંદર્ભ :

*[1988ની એક બપોરે, સોમનાથના પ્રાંગણમાં હિંમતભાઇ ભટકાઇ ગયા. એકમેક સાથે હાથ મિલાવતાં અમે બંને આશ્ચર્યમાં ગરકાવ ! પૂછયું તો કહે : "હમણાંનો આખાય સૌરાષ્ટ્રના દરિયા કિનારે ફરું છું. લોકોને મળું છું, એમની વાતો સાંભળું છું, એમનાં ગીતો-કથાઓ નોંધતો જાઉં છું. કાંક મોટું કામ ઉપાડવું છે"....*

*હિંમતભાઇ તો અધવચ્ચે જ આપણી વચ્ચેથી ચાલી નીકળ્યા - પેલું 'મોટું કામ' આપણને સોંપીને !*

*આજે જનવાદી સહિત્યની તરતપાસ કરવા બેઠાં છીએ ત્યારે જનવાદી ક્રાંતિના પ્રહરીસમા અમારા મુરબ્બી બિરાદરને સલામ સાથે સાદર]*



# અમે - વિદ્રોહનું રાજકારણ અને ગુજરાતમાં જનવાદી સાહિત્યનું આંદોલન

- હિરેન ગાંધી

★ ઓગસ્ટ, 1997ના બીજા અઠવાડિયાનો કો'ક દિવસ. જૂની ગુજરાતી રંગભૂમિના ખ્યાતનામ નટ અને અમારા કર્મશીલ મિત્ર ઈન્દુભાઈ જાનીના પિતાજી, મુ. અમૃતભાઈ જાનીના મૃત્યુ નિમિત્તે અમે બેસણામાં ગયેલાં. અમારા વડીલ સાથી અને ગુજરાતમાં 'જનવાદી સાહિત્ય'ની ચળવળ કાઢું કાઢે - એ માટે સતત મથતા રહેલા મુ. યશવંતભાઇ મહેતા બેસણાનો મલાજો તોડીને નજીક આવીને બેઠા; અધીરાઈપૂર્વક કહ્યું - 'આ વખતે પરિષદ (ગુજરાતી સાહિત્ય પરિષદ)ના અધિવેશનમાં 'સ્વરાજ અને સર્જકચેતના'ની બેઠકમાં સરૂપબેને બોલવાનું છે. ના નથી પાડવાની ! ખાસ્સા વાંધા વિરોધો પછી એમનું નામ નક્કી થયું છે !'

આ સમાચાર અમારા માટે સાવ નવા નહોતા. અગાઉ એક કવિ-કારોબારી સભ્ય-મિત્રે ફોન ઉપર સરૂપબનને આ સમાચાર આપેલા જ.

અમારા માટે આ સમાચાર સાવ અનપેક્ષિત પણ નહોતા. કેમ ? -એ તો તમને આ લખાણ વાંચતાં વાચતાં આપોઆપ સમજાઈ જશે.

★ બેસણાના મંડપમાંથી બહાર નીકળતાં જ, મારો પહેલો પ્રતિભાવ હતો : 'તક મળી છે, ઝડપી લેવી જોઈએ'; અને સરૂપબેનનો હતો : "જવા દે ને..... ત્યાં બોલવા - ના બોલવાથી શો ફરક પડશે ?...... ત્યાંની ખુરશીઓ પર બધા જાડી ચામડીના મઠાધીશો બેઠા છે !"

કોઈ પણ નવો નિર્ણય લેતી વખતે, અમારી વચ્ચેનો આવો વિસંવાદ, ઊગ્ર તડાફડીઓ, લાંબી લાંબી લમણાંઝીંક - અમારી 'બિરાદરી'નો અંતર્ગત અને કાયમી હિસ્સો છે; છેવટે તો એ જ નિર્ણય લેવાય છે જે - 'વિદ્રોહના રાજકારણ' માટે અને 'જનવાદી સાહિત્ય'ના આંદોલન માટે લેવાવો જોઈએ. કેમ કે - સરૂપબેન 'વિદ્રોહના રાજકારણનાં બિરાદર' છે; માત્ર એમને જરૂર હોય છે - મારી સાથેના 'શેરીંગ'ની; અને અમારા બંનેની પ્રકૃતિ ઊગ્ર હોવાના કારણે, એ 'શેરીંગ' - તડાફડી, લમણાંઝીંક, માથાકૂટ, લપનું સ્વરૂપ ધારણ કરે છે. અમારા 'બિરાદરીના સંબંધ'ની આ અભિન્ન અને સ્વીકૃત પ્રક્રિયા છે.

★ 'પરિષદના પ્લેટફોર્મ' પરથી બોલવાની તક પાછળ એક આખો ઈતિહાસ છે: 1985નું વર્ષ હતું. પરિષદે 'પાંચ દાયકા, પાંચ કવિ'નો કાર્યક્રમ - 'કવિ સંમેલન' - ગોઠવેલ. આઠમા દાયકાનાં પ્રતિનિધિ તરીકે એમાં સરૂપબેને કવિતાઓ રજૂ કરવાની હતી; સિતાંશુભાઈ (યશશ્ચંદ્ર) એનું સંચાલન કરવાના હતા અને રાજ્ય સરકારના તત્કાલીન શિક્ષણપ્રધાન હસમુખ પટેલ અતિથિવિશેષપદે બેસવાના હતા. અમારા સંદર્ભે કહું તો - અમારા 'વિદ્રોહના રાજકારણ'ને ત્યારે ભળભાંખળી દિશા મળી ચૂકી હતી; 'સ્થાપિત સાહિત્ય' સામેનો અમારો વિદ્રોહ વેગ પકડવા અમારી અંદર ખળભળી રહ્યો હતો; જાણ્યે-અજાણ્યે અમે યુધ્ધમાં 'રણનીતિ'નું મહત્ત્વ સ્વીકારવા માંડેલા. સરૂપબેને ખાસ એ કાર્યક્રમ માટે બે રચનાઓ તૈયાર કરી. એક - 'પૂર્વજોનું પૂંછડું, પૂંછડાની પીંછી અને અમે લોકો યાને કાગવાશ' [*'સળગતી હવાઓ' પાનું-97*] અને બે - 'આપણા હાથની વાત' [*'સળગતી હવાઓ' પાનું - 15*]

પહેલી રચના મઠાધીશ સાહિત્યકારોનાં 'સાહિત્યકારણ' સામેના વિદ્રોહની હતી અને બીજી સત્તાધીશ રાજકારણીઓના સ્વકેન્દ્રી રાજકારણ સામેના વિદ્રોહની. સ્વાભાવિક રીતે જ તીખી, સોંસરી અને ધારદાર હતી - બંને; અને સ્વાભાવિક રીતે જ ભાવકોએ સૌથી વધારે વધાવી એ રચનાઓને; સરૂપબેન બેઠાં અને સિતાંશુભાઈ ઊભા થયા. પોતાના કાળઝાળ રોષને ઠંડી, વેધક અને તીર્યક શૈલીમાં વ્યક્ત કરતાં કહ્યું: 'સરૂપબેને યાદ રાખવું જોઈએ કે એ પણ આવનારી પેઢીનાં પૂર્વજ છે !'



અને બસ, ત્યારની ઘડીથી પરિષદના મઠાધીશોએ સરૂપબેન નામનાં 'બળવાખોર' પ્રાણીને 'નહીં ઓળખવાનું' પણ લઈ લીધું !

★ સાહિત્યક્ષેત્રે અમારા 'વિદ્રોહના રાજકારણ'ને 'જનવાદી સાહિત્યના આંદોલન' તરફ મહત્ત્વનો વળાંક આપનારી ઘટના - 1985-"86ના હિંસક અનામત આંદોલન અને કોમીરમખાણોની ભડભડતી આગ દરમિયાન બની. પરિષદના તે સમયના પ્રમુખ, 'વિશ્વ હિન્દુ પરિષદ'ની ગુજરાત શાખાના પદાધિકારી પણ હતા. એક દૈનિકને તેમણે આપેલી મુલાકાતમાં કોમી આગને ભંડકાવનારાં નિવેદનો કરતાં એમણે ત્યાં સુધીનું વિધાન કર્યું કે - "All the minorities should go to their respective countries."

રોજિંદા ક્રમ મુજબ હું, સરૂપબેન અને અમારા કેટલાક કોલેજીયન વિદ્યાર્થી મિત્રો સાંજે ચાની કીટલી પર ભેગાં થયાં. અમારા એ યુવાન મિત્રોને સાહિત્ય કે રંગભૂમિ સાથે ખાસ લગાવ નહોતો, પણ 'સમાજ' સાથે ખાસ્સો હતો. એ દાવે જ મિત્રતા હતી અને અમારી પ્રવૃત્તિઓમાં ક્યારેક તેઓ સક્રિય ભાગ પણ લેતાં. ભેગાં થતાં જ ચર્ચા પરિષદ પ્રમુખના ઉપરોક્ત વિધાનો વિશે ચાલી. અમારા જેટલો જ ખળભળાટ એ મિત્રોમાં પણ હતો. અમને બધાં ને લાગ્યું કે - ઓછામાં ઓછું, સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી તો એ મહાનુભાવ દૂર થવા જે જોઈએ. અમે પરિષદ સામે એમને દૂર કરવા માટે દેખાવ કરવાનું નક્કી કર્યું.

અલબત્ત, રોમેન્ટીસીઝમ હતું. પણ હતું. વાવંટોળની માફક હતું. બાકી એક સરૂપબેન, બીજો હું અને પાંચ-સાત કોલેજીન છોકરાં - શું વળે ? જો કે, શું વળશે, નહીં વળે - એ મહત્ત્વનું નહોતું; મહત્વનું એ જ હતું કે - એક જવાબદાર સાહિત્યિક સંસ્થાના મઠાધીશ જાહેરમાં આવું કોમવાદી વલણ અખત્યાર કરે ત્યારે સંવેદનશીલ, શિક્ષિત, નિસ્બત ધરાવતાં નાગરિક તરીકે ચૂપ શી રીતે રહેવાય ? અમે તો ત્યારે પણ માનતાં'તાં અને આજે પણ માનીએ છીએ - 'ચૂપ રહેવાનો અર્થ છે, બોલનારને સમર્થન આપવું.'

દેખાવ કરવા માટે અમે દિવસ ઠરાવ્યો - શ્રી પન્નાલાલ પટેલને મળેલ 'જ્ઞાનપીઠ પુરસ્કાર' બદલ પરિષદે યોજેલ એમના સન્માન સમારંભનો. એવું પણ ઠરાવ્યું કે, સમારંભ શરૂ થતાં પહેલાંથી પરિષદના ઝાંપે ઊભા રહેવું; અને સમારંભ દરમિયાન તથા સૌ વિખરાય ત્યાં સુધી ત્યાં જ ઊભા રહેવું.

સૂત્રોચ્ચાર કે ચર્ચાઓ ન કરવી. દરેક જણે હાથમાં 'પ્લે કાર્ડ' રાખવાં અને પરિષદ પ્રમુખને દૂર કરવાની લાગણી એ જ રીતે વ્યક્ત કરવી. રમખાણો સંદર્ભે એ જ અરસામાં સરૂપબેને લખેલી 'સાબરમતી પૂછે છે.....' કવિતા પત્રિકાસ્વરૂપે છપાવી સમારંભમાં આવનાર સૌને આપવી.

નિશ્ચિત સમયે ગોઠવાઈ ગયાં, પરિષદના ઝાંપે - બધાં મળીને દસ-બાર જણ. સાહિત્યરસિકો અને સાહિત્યકારો આવવા માંડ્યા. બધા જ પ્રકારનાં હતાં; સ્થાપિત અને સ્થાપિત થવા ઈચ્છુક; 'મેજર' અને 'માઈનર'; મુખ્યધારાનાં અને દલિત બધાંને 'જોણું' મળ્યું ! કેટલાંક યુવાન અને કેટલાંક દલિત સાહિત્યકારોને રસ પડ્યો, પણ સાથે ઊભા રહેવામાં 'જોખમ' લાગ્યું. પ્રમુખશ્રી પણ આવ્યા, અમને ન જોયાંનો ડોળ કરતા કરતા અંદર જતા રહ્યા. છેવટે સમારંભ શરૂ થવાના વખતે રઘુવીરભાઈ ચૌધરી એમની લાક્ષણિક શૈલીમાં અંદરથી ઝાંપે આવ્યા અને અમને 'અંદર આવવા આમંત્રણ આપ્યું' અમે ત્યાં જ ઊભા રહ્યા.

સમારંભ પૂરો થયા પછી પરિષદ અને સ્થાપિત સાહિત્યકારોનું અસલી પોત પ્રકાશ્યું. (અલબત્ત, મોટાભાગનાં સાહિત્યરસિકો, સાહિત્યકારો ટોળે વળી, થોડે દૂર ઊભા રહી, ચૂપચાપ તમાશો જોતાં રહ્યાં).

- બે-ત્રણ સ્થાપિતોએ અમને પૂછ્યું કે - 'પ્રમુખશ્રીના આવા વિધાનોમાં ખોટું શું છે ?'
- કેટલાંકે અમને જણાવ્યું કે - 'લોકશાહીમાં કોઈને કશું પણ કહેવા-બોલવાનો અધિકાર છે !'
- એકાદ હિતચિંતકે અમને માહિતી આપી કે - 'પરિષદના બંધારણ મુજબ પ્રમુખને એમના પદ ઉપરથી 'મુદત' કે 'મૃત્યુ' જ હટાવી શકે!'
- અને - પરિષદનું 'સાહિત્યકારણ' સુપેરે વ્યક્ત કર્યું - શ્રી ઉમાશંકર જોષીએ. અમારા વિદ્યાર્થી મિત્રો પાસે જ સીધા પહોંચી ગયા અને એક-બેના હાથમાંનાં પ્લે-કાર્ડઝમાંનાં લખાણોમાંથી એમણે આબાદ રીતે જોડણીની ભૂલો તારવી બતાવી !



અને બસ, સૂરજદાદાએ સૂકીભઠ્ઠ સાબરમતીના કાંઠેથી એ જ પળે વિદાય લીધી ! એ જ પળે અમે - 'અમે'માંથી 'આપણે' બનવાનું નક્કી કર્યું. 'સાબરમતી પૂછે છે....' પ્રકારની એક પાનાંની, તત્કાલીન ઘટનાઓ-પ્રસંગો વિશેની કૃતિને 'આપણું સાહિત્ય' નામની પત્રિકાસ્વરૂપે દર અઠવાડિયે પ્રકાશિત કરી વિતરીત કરવાનો નિર્ણય લીધો.

★ સ્થાપિતો, મઠાધીશોના 'સાહિત્યકારણે' જ મને ને સરૂપબેનને 'હું'માંથી 'અમે' બનાવેલાં. ૧૯૭૫નું વર્ષ હતું. મારા વિદ્રોહી સ્વભાવના કારણે પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક સંસ્થા 'દર્પણે' સિફતપૂર્વક મને (નાટ્યવિદ્યાનો તાજો જ ડિપ્લોમા લઈને આવેલા અભિનેતાને) 'આકંઠ સાબરમતી' નામની નાટ્યલેખકોની અવૈધિક કાર્યશાળામાં ધકેલી દીધેલો. મને સાહિત્ય કે નાટ્યલેખન સાથે કોઈ જ લેવાદેવા નહોતી. 'આકંઠ'માં બે જ જણને ઓળખું. મારી સ્કૂલના પ્રિન્સીપાલ કપાસીસાહેબ અને મને ગુજરાતી ભણાવનાર શિક્ષક અને અધ્યાપક - ઈન્દુ પુવાર. 'આકંઠ'ના બીજા કોઈ લેખકો-કવિઓનું મેં કદી નામેય નહોતું સાંભળેલું.

★ 'આકંઠ' સાથે સંકળાયેલા મોટાભાગનાં લેખકો 'હોટેલ પોએટ્સ'-'એચ.પી,' - નામનું કવિતાની કાર્યશાળાનું ગ્રુપ ચલાવતાં'તાં. સરૂપબેન બંનેમાં સક્રિય. એમનો પ્રથમ પરિચય ત્યાં જ થયેલો. એ સમયે એ પણ નવોદિત હતા. અલબત્ત, મારા કરતાં સરૂપબેન ઉંમરમાં દસ વર્ષ મોટાં. પણ એમનેય અભિનય, નાટકમાં રસ હોવાને કારણે અને ખાસ તો મારા જેવા જ એમના વિદ્રોહી સ્વભાવને કારણે અમારી વચ્ચે મિત્રતા બંધાવા માંડેલી. 'આકંઠ' - 'એચ.પી.'ના મઠાધીશોને મન સરૂપબેન એમની 'મહામૂલી જણસ' હતાં અને હું 'લાડકવાયું રમકડું' ! અલબત્ત, થોડું 'વંઠેલું' ખરું !

★ સરૂપબેન ત્યારે પી.એચ.ડી. પૂરું કરીને 'સાહિત્ય કોષ' માટેના પ્રોજેક્ટમાં કામ કરતાં'તાં. હું રોજ બપોરથી એમની ઓફિસમાં પહોંચી જાઉં. એક દિવસ પ્હોંચ્યો ત્યારે તે રડતાં'તાં અને એમની આજુબાજુ બેઠેલા એચ.પી.ના બે મઠાધીશો એમને 'કેરિયરીસ્ટ' કહીને ભાંડી રહેલા. એક મઠાધીશે તો એમને પોતાની કાયમી શૈલીમાં 'મેરા નામ જોકર'ની 'પદ્મિની'

(એ ફિલ્મમાં પદ્મિની નામની અભિનેત્રીએ ભજવેલી ભૂમિકા) સુધીની ઉપમા આપી દીધેલી. મને થોડીવાર પછી સમજાયું કે - કારણ હતું, થોડા દિવસ પહેલાં એચ.પી.એ ધામધૂમથી પ્રકાશિત કરેલ સરૂપબેનનો પત્રિકાસ્વરૂપનો લઘુ કાવ્યસંગ્રહ.

★ એચ.પી. દર મહિને પોતાના એક નિયમિત સભ્યનો લઘુ કાવ્યસંગ્રહ પ્રગટ કરતું. સરૂપબેનના સંગ્રહનો વારો આવ્યો, ત્યારે એ બંને મઠાધીશો કોઈનેય પૂછ્યા-ગાછ્યા કે કહ્યા વિના સીધા જ પહોંચી ગયા શ્રી ઉમાશંકર જોષીને ઘેર - એ સંગ્રહનું વિમોચન કરવાનું આમંત્રણ આપવા માટે. ઉમાશંકરભાઈ માની ગયા. તાકડે જ અન્ય કોઈ કાર્યક્રમ માટે મુંબઈ અને ગુજરાતના ઘણાં સ્થાપિત કવિઓ અમદાવાદ આવવાના હતા. મઠાધીશોએ એ મિત્રોને કવિસંમેલન માટે મનાવી લીધા - સંગ્રહના વિમોચન નિમિત્તે. અને એ રીતે સરૂપબેનના સૌ પ્રથમ લઘુકાવ્યસંગ્રહનો વિમોચનવિધિ ધામધૂમથી સંપન્ન થયો.

હવે એ મઠાધીશો એ જ નિમિત્તે સરૂપબેનને 'કેરિયરીસ્ટ' કહી રહ્યા'તા! અને ગર્વભેર જણાવી રહ્યા'તા કે - તે લોકોએ 'રે મઠ' દ્વારા ઉમાશંકરભાઈ, સુરેશભાઈની સામે કેટલો નક્કર બળવો પોકારેલો ! એ લોકો ભલે વિમોચન માટે શ્રી ઉમાશંકરભાઈને આમંત્રણ આપી આવ્યા, સરૂપબેને એચ.પી.માં એનો વિરોધ કેમ ના કર્યો ?!

મારી અંદરનો 'જ્વાળામુખી' ફાટ્યો ! મેં ત્યાંને ત્યાં મઠાધીશોને કહી દીધું - ગુરૂવારે (એચ.પી.ની નિયમિત બેઠકનો દિવસ) આવો. કોણ 'કેરિયરીસ્ટ' છે પૂરવાર થઈ જશે !

અને મેં ગુરુવાર સુધી સાયકલ દોડાવી. એચ.પી.ના એકેએક મિત્રોને ઘેર-ઓફિસે મળીને મઠાધીશોનું 'બાપાપણું' સમજાવ્યું અને ગુરુવારે બે મઠાધીશો સિવાય તમામના મત મઠાધીશોને એચ.પી.માંથી દૂર કરવાના પક્ષે પડ્યા ! હવે રોવાનો, વાંઝિયો આક્રોશ ઠાલવવાનો વારો એમનો હતો. 'મેલોડ્રામા' લાંબો ચાલ્યો, 'ઈમોશનલ બ્લેકમેઈલીંગે' અસરકારક ભૂમિકા નિભાવી અને છેવટે 'છોકરાંઓ'એ 'મા-બાપ'ને માફ કર્યાં !



★ શ્રી ભગતસાહેબ (નિરંજનભાઈ ભગત)ના તંત્રીપદે 'સાહિત્ય' નામની પત્રિકા શરૂ થવાની હતી. એમણે પહેલા જ અંક માટે સામેથી નવોદિત સરૂપબેનને એમની કવિતા આપવા પ્રેમપૂર્વક આગ્રહ કર્યો. સરૂપબેને આપી. પણ ભગતસાહેબની ભૂલે અથવા સાહિત્યકારણે - આટલી પ્રતિષ્ઠિત પત્રિકા માટે પેલા મઠાધીશને ગઝલ / કવિતા / ગીત માટે આમંત્રણ ન અપાવ્યું. કહેવાની જરૂર ખરી - 'સાહિત્ય'નો પ્રથમ અંક પ્રગટ થયા પછી સરૂપબેનના 'ફ્રેન્ડ ફિલોસોફર અને ગાઈડ' સમા એ મઠાધીશે સરૂપબેનની શી હાલત કરી હશે ?

★ અગાઉ જણાવ્યું એમ - 'એચ.પી' દર મહિને એક નિયમિત સભ્યનો સંગ્રહ છાપતું. દરેક સભ્ય એ માટે 50/-રૂા. ફાળો આપતો. એકવાર મઠાધીશશ્રીએ જાહેરાત કરી - સૌથી છેલ્લે હિરેન અને ઉષાબેન ઢેબરનો ભેગો સંગ્રહ કરીએ. બંને નવાં છે ! મારી કમાન છટકી - કેમ ? અમે દર મહિને બધાની જેમ જ 50/-રૂા. નથી આપતાં ? ૨૫/-રૂા. આપીએ છીએ ? અમારી કવિતાઓ જેવી છે તેવી એચ.પી.ની નીપજ નથી ?

અને મેં 'ગાંધી' અટકને સાર્થક કરતું, મારી જિંદગીનું પહેલું સભાન રાજકીય કદમ ઉઠાવ્યું ! એચ.પી.માંથી સ્વેચ્છાએ 'રાજીનામું' આપ્યું. અલબત, દર ગુરૂવારે બેઠકમાં બેસતો, મારી ચાના આઠ આના આપતો, પણ કવિતા ન વાંચતો કે કોઈની કવિતા વિશે અભિપ્રાય પણ ન આપતો.

★ મધુ રાયના વિદેશગમન પછી 'આકંઠ'ના વણચૂંટાયેલા મઠાધીશ - ઠાકરસાહેબ (શ્રી લાભશંકર ઠાકર). આ જે તબક્કાની વાત છે, ત્યારે - 'આકંઠ' અને ઠાકરસાહેબ લીલાનાટ્યની ક્ષમતા બાબતે વસૂકી ગયેલા. ઠાકરસાહેબે લાક્ષણિક ઢબે, સૌ સાથીઓની તીરી ઉડાડતું નિવૃત્તિ પ્રવચન આપ્યું અને 'આકંઠ'માંથી વિદાય લીધી.

વર્ષોથી ટાંપીને બેઠેલા ગાદીવાંચ્છુઓએ તક ઝડપી લીધી અને નિવૃત્ત મઠાધીશને 'બતાડી દેવાના' હેતુથી એક સામૂહિક લીલાનાટ્ય સર્જવાનું નક્કી કર્યું. એ 'રે મઠી' આકાર-વિકારવાદીઓએ સ્વાભાવિક રીતે જ 'ગોળાકાર' સામે ખોખલો નિરર્થક વિરોધ જગાવતું 'થીમ' નક્કી કર્યું.

ગ્રૂપના એક માત્ર નકરા અભિનેતા હોવાના નાતે એ લાંબા નાટકની ચારેય વાર્તાઓની મુખ્ય પુરૂષભૂમિકાઓ મને સોંપાઈ. માનવ જીવનના ગોળાકાર ઈતિહાસો, માન્યતાઓ, પરંપરાઓ, રીતિરિવાજો સામેના વિરોધ સાથે હું ત્યારે સંમત હતો, પણ એ વિરોધ માટે, લીલાનાટ્યમાં જે ભ્રામક અને હાસ્યાસ્પદ, અર્થહીન કારણો રજૂ થતા'તા - એની સામે મેં પાયાગત સવાલો ઉઠાવ્યા. ગાદીવાંચ્છુઓએ મને ગ્રૂપડિસીપ્લીનના નામે ચૂપ કરી દીધો.

એ લીલાનાટ્યના પ્રથમ પ્રયોગ પછી, અમારા કાયમી 50-60 ભાવકો, સાહિત્યકારોએ ઠાકરસાહેબ વિનાના 'આકંઠ'ને 'વિધવા' જાહેર કર્યું ! હવે તમે કલ્પી શકો છો - ગાદીવાંચ્છુઓ અને 'માજી મઠાધીશ'ને 'બતાડી દેવાની' ભાવનાવાળા સર્જકોની સ્થિતિ !

એમણે મને બલિનો બકરો બનાવવાનું નક્કી કર્યું. 'હિરેને કન્વીન્સ થયા વિના મુખ્ય ભૂમિકાઓ ભજવી એટલે જ આવું થયું' - ની જાહેરાતો કરી. પછી સાહિત્યકારો મટીને, અસલ રાજકારણીઓની ઢબે 'આકંઠ'માં કદીક જ આવતાં મિત્રોને ઉઘરાવી લાવી, 'આકંઠ'ની બેઠકમાં ખરડો મૂક્યો કે - 'આ માત્ર લેખકોની કાર્યશાળા છે, એમાં નકરા અભિનેતા ન હોઈ શકે'. 'ભાડૂતી મતદારો'માં કેટલાક લેખક કે અભિનેતા - કશું નહોતા, છતાં મતદાન થયું અને ખરડો પસાર થયો - પાક્કી બહુમતીથી !

તે જ પળે મેં મારી જિંદગીનું પહેલું રાજકીય નિવેદન પૂરી ગણતરી સાથે કર્યું - 'હું હવે નાટકો લખીશ !' તરત જ મારા પર પસ્તાળ પડી. ગાદીવાંચ્છુઓએ ધારણા પ્રમાણે જ લૂગડાં ઉતારીને કહ્યું, "તું શું લખીશ ? અમારે તારાં બાળોતિયાં ધોવાનાં ?"

અને હું, મારી જ એક સમયની શાળાના એ ઓરડામાંથી બહાર નીકળવા માંડ્યો, પણ હું એકલો નહોતો, સરૂપબેન પણ મારી સાથે નીકળ્યાં ! અને એ જ ક્ષણે - હું ને સરૂપબેન 'અમે' બન્યા !

★ પછીના ગુરૂવારે એચ.પી.માં ખરડો આવ્યો 'હિરેન-સરૂપબેનની સાથે વાત સુધ્ધાં કરે એ એચ.પી.માંથી બહાર'. મહદ્ અંશે 'મૌન સંમતિ'થી અને એકાદ મિત્રના 'વાચાળ વિરોધ' સાથે ખરડો પસાર થઈ ગયો.



★ આ હતી - અમને 'હું'માંથી 'અમે' બનાવનારી કેટલીક વળાંકરૂપ ઘટનાઓ. આપણે સૌ જાણીએ છીએ - 'વિદ્રોહ' તો યુવાનીનું ચાલકબળ છે. પણ પાયાના સવાલો એ હોય છે કે - કોની સામે વ્યક્ત થાય છે ? કયા હેતુથી વ્યક્ત થાય છે ? માત્ર અમારી જ વાત કરું તો - તે સમયે, અમારા વિદ્રોહની પાછળ કોઈ નક્કર વિચારધારા નહોતી; 'પ્રતિબધ્ધતા'નો અમેય વિરોધ કરતાં'તાં; 'ભ્રામક મુક્તિ'ના ખ્યાલો ઘણીવાર અમને 'વ્યક્તિ સ્વાતંત્ર્ય'ના અતિરેક સુધી પહોંચાડી દેતાં'તાં, પણ અમે 'જીવતા જણ' હતાં; કલાકાર - સાહિત્યકાર તરીકેની સાર્થકતાની સતત આંતરખોજ (અભાનપણે જ) કરતાં રહેતાં'તાં. અને એ જ અમારા 'વિદ્રોહના રાજકારણ'નું વિધેયાત્મક તત્ત્વ હતું; ભવિષ્યમાં એ જ અમને 'જનવાદી સાહિત્ય' અને 'વિદ્રોહની સાચી રાજનીતિ' ભણી લઈ જવાનું હતું.

★ 1981માં હિંસક અનામત આંદોલનો થયાં. દલિતો ઉપર ચોતરફ અત્યાચારો ગુજારાઈ રહ્યા હતા. મિત્ર મનિષી જાનીએ સરૂપબેનને કહ્યું : 'સમાજની આ માનસિકતા વિશે કવિતા લખી આપો' - અમે એમને રોકડું પરખાવી દીધું - 'અમને આ બધાં સાથે શી લેવા-દેવા ?!'

★ ગુજરેલા યુગના આવા થોડાક લિસોટાઓ ઝડપથી ભૂંસાવા માંડ્યા - અમારી સતતની આંતરખોજના કારણે.

★ 1984માં મિત્ર વિસ્મય શાહે પરિચય કરાવ્યો બિરાદર દ્વારિકાનાથ રથનો. એ બંનેએ આગ્રહ કર્યો કે - શહીદ ભગતસિંહના જીવન અને કાર્યો વિશે હું એક નાટક લખું અને પછી સાથે મળીને ભજવીએ. થોડી આનાકાની પછી હું તૈયાર થયો.

એ નાટક લખાયું, ભજવાયું. લગભગ નવ-દસ મહિનાની એ પ્રક્રિયાએ અમારા દિશાહીન 'વિદ્રોહના રાજકારણ'ને ભળભાંખળી દિશા ચીંધી. પ્રવર્તમાન પ્રજાતંત્રની પોકળતા, વાણી સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકારો ઉપર સત્તાધારીઓ અને બંધારણની ચાલાકીભરી તરાપ, ઈતિહાસ અને રાજકીય વિચારધારાઓ વિશેના શાસક વ્યવસ્થાના જડ અને વિચારહીન પૂર્વગ્રહો - વગેરે વગેરે સત્યો અમારી આંખ સામે છતાં થવા માંડ્યાં. એ પ્રક્રિયાએ - ખાસ કરીને સરકારની 'થિયેટર

સેન્સરશીપ' સામેની અમારી ખુલ્લી અને બુલંદ લડતે, અમને સમાજના અન્ય 'વિદ્રોહી' પરિબળોના જીવંત સંપર્કમાં આણ્યાં. 'સાહિત્ય' અને 'રંગભૂમિ' અમારું હથિયાર બનવા માંડ્યાં. 'જનવાદી વિચારધારા'ની અભિવ્યક્તિનું સાધન બનવા માંડ્યાં. અને અસ્તિત્વમાં આવ્યો - 'સંવેદન સાંસ્કૃતિક મંચ'.

✶ 'આપણું સાહિત્ય' પત્રિકાના એક અંકની સંપાદકીય નોંધમાં અમે લખ્યું : "..... આપણે ક્યારનાંય જાગી ચૂક્યાં છીએ. 'દલિત સાહિત્ય', 'સંઘર્ષ સાહિત્ય', 'મુક્તિ સાહિત્ય' - આવાં અનેક નામે આપણે 'આપણું સાહિત્ય', આપણા પ્રશ્નો અને સંઘર્ષોને વાચા આપતું સાહિત્ય ખેડવાનું શરૂ કરી દીધું છે. આપણે 'દલિત' કે 'શેરી'ના વાડામાં ન બંધાતાં 'આપણું સાહિત્ય' વિકસાવીએ. કાલે આપણે મુઠ્ઠીભર સત્તાધારીઓ અને લેભાગુ દલાલોને બુલંદ અવાજે કહીશું - "આ જ 'સાહિત્ય' છે - જે અમારા પ્રશ્નો, સંઘર્ષો અને અરમાનોને વાચા આપે છે."

અને અમને એક અણધાર્યો અનુભવ થયો. 'જનવાદી વિચારધારા'ને વરેલા એક દલિત કવિએ, આ નોંધની પ્રતિક્રિયારૂપે - એથીયે વિશેષ તો, પ્રચલિત 'દલિત રાજકારણ'ને વ્યાજબી ઠરાવતું કાવ્ય - 'વાડો' - 'આપણું સાહિત્ય'માં છાપવા મોકલ્યું. યોગ્ય નોંધ સાથે એ છાપ્યું; કેમ કે - વ્યાપક અને સાર્થક 'જનવાદી સાહિત્ય'ના 'રાજકારણ' માટે એ જ યોગ્ય હતું.
* [*'વાડો' - 'સાબરમતી પૂછે છે.....' - પાનું-39*]

✶ 'આપણું સાહિત્ય'ના ગાળા દરમિયાન જ અમારો સંપર્ક થયો - ક્રાંતિકારી બિરાદર 'ગદ્દર' સાથે. દેશભરમાં 'જનવાદી ક્રાંતિના ગાયક' તરીકે જાણીતા, 'ક્રાંતિકારી રાજકારણ'ને વરેલા એ બિરાદરે થોડા જ સમયમાં અમારા 'વિદ્રોહના રાજકારણ'ને 'ક્રાંતિના રાજકારણ'માં પલટી નાખ્યું. એમણે સમજાવી - શીખવાડી અમને - સર્જકની, કલાકારની, સાહિત્યકારની સાચી ફિલસૂફી - 'લોકો પાસેથી, લોકોને પરત'.

✶ ત્યાં સુધીમાં અમે જોતરાઇ ચૂક્યાં હતાં - દલિત અને નારીવાદી આંદોલનો સાથે, 'લોક અધિકાર સંઘ' સાથે; અને અમારી એ રાજકીય પ્રવૃત્તિઓએ અમને પહોંચાડ્યાં 'ક્રાંતિકારી જનવાદી આંદોલન' પ્રત્યેની આજીવન 'પ્રતિબદ્ધતા' સુધી. ક્રાંતિકારી વિચારધારા પ્રત્યેનો વૈજ્ઞાનિક



દૃષ્ટિકોણ અને ક્રાંતિનાં સૈનિક તરીકેની શિસ્ત ધીરેધીરે સમજાવા માંડી, અમારી અંદર ઉતરવા માંડી. અમારામાં નક્કર પરિવર્તન લાવનાર બિરાદરોમાંના, ડૉ. રવિ સિંહા, ડૉ. વેલૂ, ઇશ્વરભાઇ પ્રજાપતિ, ડૉ. કંચન, ડૉ. સુબ્રત - આજે પણ અમારી સાથે છે.

★ આ બિરાદરોના સથવારે અમે 'જાગ્રત' ('87ના દુષ્કાળ સંદર્ભે 'લોક અધિકાર સંઘ'ના નેજા નીચે શરૂ થયેલ 'વિદ્યાર્થી સંગઠન') અને 'નર્મદા આંદોલન' સુધી પહોંચ્યાં. મૂડીવાદી વ્યવસ્થાની જોહુકમી, શોષક યંત્રો અને તંત્રો તથા બીજી તરફ આમજનતાનાં સંઘર્ષો, પીડાઓ, આક્રોશ વગેરેનો જાતઅનુભવ શરૂ થયો. અમને સમજાવા માંડ્યું 'સંગઠન'નું સાચું મૂલ્ય અને 'ક્રાંતિકારી વિચારધારા'ની સાર્થકતા, અને એણે અમને 'અમે'માંથી પૂર્ણપણે 'આપણે' બનવાના ધોરીમાર્ગ ઉપર લાવીને મૂકી દીધાં.

★ સરૂપબેને શુદ્રકના 'મૃચ્છકટિકમ્', ભાસના 'દરિદ્ર ચારૂદત્ત' અને સ્વ. શ્રી રસિકલાલ પરીખના 'શર્વિલક'ને 'રાજપરિવર્તન'ના નામે નવાં અર્થઘટનો અને રૂપાંતરો સાથે નવો નાટ્યદેહ આપ્યો. અમે નાટક તરીકે જ એને રજૂ કરતાં હતાં. દરમિયાન સંજોગવશાત્ 'ISRO-DECU'એ એને ટી.વી. નાટ્યસ્વરૂપે રજૂ કરવાનો નિર્ણય લીધો; 'દૂરદર્શન'ના અમલદાર તંત્રે એની ઉપર મનઘડંત જોહુકમીનો 'દંડો' ઉગામ્યો. અમે સરકાર અને સરકારી તંત્રો સામે હાઇકૉર્ટમાં કેસ દાખલ કર્યો - 1987માં.
આજે દસ વર્ષ પછીયે એ કેસ હાઇકોર્ટમાં 'જેમનો તેમ' છે. આ અનુભવે વર્તમાન પ્રજાતંત્રના એક પાયા સમા 'ન્યાયતંત્ર'નો અસલી ચહેરો અમને ચોખ્ખોચણાક કરી આપ્યો.

★ આમેય ગુજરાતમાં 'ક્રાંતિકારી વિચારધારા'ને વરેલા હોવું - એ જાણે 'ગુનો' છે ! આપણે ત્યાં શિક્ષિતો, બુદ્ધિજીવીઓ, પ્રતિબદ્ધો તો છે, પણ આ વિચારધારા પ્રત્યે અનેક સાંસ્કૃતિક, આર્થિક કારણોસર સમાજમાં 'ન સમજાય' એવા 'પૂર્વગ્રહો' છે.

એક તરફ આ વાસ્તવિકતાને કારણે અમે 'બ્રાન્ડેડ' - 'લેબલાઇઝ્ડ' થઇ રહ્યાં હતાં, આને કારણે અમારી 'જનવાદી પ્રવૃત્તિઓ'ને પણ ખાસ્સી માઠી અસરો પડતી'તી; અને ત્યાં જ 1956થી રશિયા જે દિશામાં જઇ રહ્યું

હતું - એનો 'આખરી અંજામ' આવ્યો. 'સમાજવાદી શાસનના પ્રયોગ'ની એ નિષ્ફળતાને, બાકીનાં બંને વિશ્વો - ગરીબ અને અમીર વિશ્વો-એ 'સમાજવાદી વિચારધારાના મૃત્યુ'માં ખપાવી. અમારા જેવાં 'પ્રતિબદ્ધો' સામેના પડકારો વધુ કપરા બન્યા.

★ 1995માં સરૂપબેનના બીજા કાવ્યસંગ્રહ (પ્રથમ કાવ્યસંગ્રહ 'મારા હાથની વાત'- 1981) 'સળગતી હવાઓ'નું પ્રકાશન કર્યું. અમારા 'જનવાદી સાહિત્ય'ના આંદોલનનો એ એક મહત્ત્વનો દસ્તાવેજ હતો. એની પ્રસ્તાવનામાં સરૂપબેને માંડીને પોતાની અંદર સર્જક તરીકે આવેલાં પરિવર્તનોની વાત કરી; અને એ પરિવર્તનો દરમિયાન સર્જક તરીકે એમણે લીધેલ 'પક્ષ'ની વાત, એ સંગ્રહમાંનાં એમનાં કાવ્યો અને પાદટીપોએ કરી, અમને ખાતરી હતી કે - અમારા માટેના 'અવળા' સમયમાં પણ એ 'સંગ્રહ', 'સ્થાપિત સાહિત્ય જગત'માં થોડી ઉથલપાથલો જરૂર સર્જશે, 'ગુજરાતી સાહિત્ય'ની દિશા સામે કેટલાક પાયાના સવાલો જરૂર ખડા કરશે.

સંગ્રહના પ્રકાશન સમયે આ કારણોસર અમે એક ચોક્કસ 'રણનીતિ' (તમે એને 'પ્રયોગ' પણ કહી શકો) અજમાવી. જુદાં જુદાં શહેરોમાં એ સંગ્રહ વિશે 'પ્રતિભાવ કાર્યક્રમો' કરવા; એ કાર્યક્રમોમાં જે તે શહેર / વિસ્તારનાં બેએક સાહિત્યકારો / વિવેચકો તથા બેએક સામાજિક કાર્યકર્તાઓને સંગ્રહ વિશે પોતાના મુક્ત પ્રતિભાવો આપવા આમંત્રણ આપવાં.

અમદાવાદ, સૂરત, મુંબઇ, ભાવનગર અને વડોદરામાં 'પ્રતિભાવ કાર્યક્રમો' યોજાયા. તમામ ખાસ્સા સફળ રહ્યા. સાહિત્યકારો / વિવેચકો તરીકે સર્વશ્રી પ્રકાશભાઇ શાહ, મંગળ રાઠોડ, ભગવતીકુમાર શર્મા, હિમાંશીબેન શેલત, નિતીન મહેતા, મેઘનાદ ભટ્ટ, અનિલ જોષી, નારાયણ સુર્વે, ઉષાબેન ઉપાધ્યાય, જયેન્દ્રભાઇ ત્રિવેદી, શિરીષ પંચાલ, ગુલામ મહમ્મદ શેખ અને જયદેવ શુક્લે પ્રતિભાવો આપ્યા અને સામાજિક કર્મશીલો તરીકે સર્વશ્રી સોનલબેન શુક્લ, ઇન્દુકુમાર જાની, ઘનશ્યામ શાહ, જયશ્રીબેન મહેતા અને ડૉ. નીરાબેન દેસાઇએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા. અમારા આંદોલનને આ કાર્યક્રમોએ ખાસ્સું 'બળ' પૂરું પાડ્યું.



★ 1996માં પરિષદે 'સળગતી હવાઓ'ને 'મહેન્દ્ર ભગત' પારિતોષિક જાહેર કર્યું. અમે બેઉ હાથે એ તક ઝડપી લીધી. પારિતોષિક લેતી વખતે સરૂપબેને તખ્તા પરથી અમારા 'આંદોલન'ને અને એની 'રણનીતિ'ને સ્પષ્ટ કરતું નિવેદન પણ કર્યું. (એ નિવેદન આ પુસ્તિકાના પાછલા પૂંઠા પર છે.)

★ 'સળગતી હવાઓ'ના પ્રકાશનને આજે ત્રણેક વર્ષ વીતી ગયાં છે. હજુયે 'સ્થાપિત સાહિત્ય જગત'માં એની ચર્ચાઓ પૂરેપૂરી શમી નથી. કો'ક ને કો'ક સેમિનારો, ચર્ચાસત્રોમાં એણે ખડા કરેલા સવાલો, વિચારો ચર્ચાતા જ રહે છે. આ હકીકત અમારા આંદોલન માટે ખાસ્સી પ્રોત્સાહક છે.

★ એક છેલ્લો અનુભવ 'શૅર' કરી લઉં. 1997ના પરિષદના બે દિવસના અધિવેશનનું છેલ્લું 'સેશન', 'સ્વરાજ અને સર્જક ચેતના'નું હતું, જેમાં સરૂપબેને, 'જનવાદી સાહિત્ય'ના આંદોલનના પ્રતિનિધિ તરીકે, આ પુસ્તિકામાં છપાયેલ એમનો લેખ રજૂ કર્યો. 'સેશન' પછી પૂર્ણાહૂતિ કાર્યક્રમ હતો. આગલા દિવસે વરાયેલા પરિષદ પ્રમુખ ભગતસાહેબે (નિરંજનભાઇ ભગતે) સમાપન-વિધિને બદલે વધારે ધ્યાન સરૂપબેનના વક્તવ્યને પ્રત્યુત્તરો આપવા ઉપર આપ્યું.

ભગતસાહેબે એવું કેમ કર્યું - એ તમે કલ્પી શકો છો. તેઓ એક વિચારધારાના પ્રતિનિધિ છે અને સરૂપબેન બીજી. જુદી, જુદી વિચારધારાઓ વચ્ચેનો સંઘર્ષ હંમેશા ચાલતો રહ્યો છે અને ચાલતો રહેવાનો છે. આ 'સ્થાપિત' વિરુદ્ધ 'જનવાદ'નો સંઘર્ષ છે - એટલે સ્વાભાવિક રીતે જ માનવજાતના અસ્તિત્વની સાથે જ એનો અંત આવી શકે.

★ ઉપર ઉપરથી જોતાં, આ લેખમાં કેટલાક ચૂંટેલા પ્રસંગો, અનુભવો અમારા દૃષ્ટિકોણથી અહીં રજૂ કરેલા લાગશે. પણ ઝીણવટપૂર્વક જોશો તો એમાં એક સળંગસૂત્રતા છે; અમારા 'વિદ્રોહના રાજકારણ'નો અને ગુજરાતમાંના સ્વરાજ પ્રાપ્તિ પછીના 'જનવાદી સાહિત્ય'ના આંદોલનનો એક 'ગ્રાફ' છે.

'એચ.પી.', 'આકંઠ'ના મઠાધીશો અને અમારી વચ્ચેના કેટલાક પ્રસંગો - એ હેતુથી અહીં ટાંક્યા છે કે, અમારાં જેવાં 'નવોદિતો' 'સ્થાપિતો'ના

'સાહિત્યકારણ'ને પામી શકે. તેઓ પણ એક યા બીજા સ્વરૂપે અમારા જેવા જ અનુભવોમાંથી પસાર થતાં હોય છે, એ સમયના અમારા 'વિદ્રોહ' જેવો જ, ક્યારેક 'સ્થાપિતો' સામે 'વિદ્રોહ' પણ પોકારતા હોય છે, પણ પછી એમનામાંના ઘણાં નથી પહોંચી શકતાં, 'જનવાદી વિચારધારા' પ્રત્યેની પ્રતિબદ્ધતા સુધી; અને એથી જ ઘણાં 'વિદ્રોહીઓ' હતાશ-નિરાશ થઇ જાય છે અને પોતાના સર્જકત્વને કુંઠિત કરી દે છે, તો ઘણાં 'વિદ્રોહ' છોડીને 'સ્થાપિત' થવાના રાજમાર્ગ ભણી ચાલી નીકળે છે.

★ સૌ વિદ્રોહી સર્જક - કલાકાર દોસ્તોને મારાં આ ત્રણ કાવ્યો સાદર અર્પણ કરું છું - દોસ્તીના નાતે.

## દોસ્ત કલાકારને.....

(૧)

દોસ્ત કલાકાર.....!
તું કાંઇ અભણ કે ગમાર નથી, કે નથી -
ઝૂંપડપટ્ટી, ચાલી કે બસ્તીમાં રહેનારો 'કોમનમેન' !
તું તો યુગયુગાંતરોથી કરતો રહ્યો છું સાધના,
ને શ્વસતો રહ્યો છું 'કલાકાર' તરીકે,
આંબતો રહ્યો છું આકાશ 'સર્જક' તરીકે !
સમાજમાં તારો મોભો... મરતબો...
કૈંક ઔર જ છે !
તારી જરી સફેદ, જરી કાળી દાઢી,
લાંબા વિખરાયેલા વાળ,
ચમકદાર આંખો...
તારા ભાલ પર ઘૂમતું તેજોવલય...
ખરેખર, તુ કૈંક ઔર જ છે !



પણ તોય...
ખબર નહીં કેમ ?...
રહી રહીને મને-
તારામાં પેલો
સીધોસાદો, ભલો ભોળો, ચીંથરેહાલ 'કોમનમેન' કેમ દેખાય છે !
શ્રમ...
આઇ મીન કલાસાધના...
પ્રત્યેની તારી
નિષ્ઠા, તન્મયતા અને પ્રામાણિકતાને કારણે ?
તારા ઉત્પાદનને...
આઇ મીન કલાસર્જનને...
બજાર સંસ્કૃતિના આ યુગમાં પોતાનું માનવાના
તારા ભોળપણને કારણે ?

(૨)

નફા-તોટાના આ નગરમાં-
દોસ્ત, કલાકાર...!
પેલો શ્રમજીવી તો-
પોતાના તનતોડ શ્રમના વળતરરૂપે મેળવે છે
અડધીપડધી રોજી...
અડધીપડધી રોટી...
કાચીપાકી છાપરી...
ને ફાટીતૂટી ધોતી-સાડી...
જ્યારે તું-
તારી આગવી ટેલેન્ટના બદલામાં મેળવે છે
વાટકીભર બેન્ક બેલેન્સ...
લોટાભર પબ્લિસીટી...

ને પીપ ભરીને પ્રશંસા...!
ને કદાચ એથી જ-
તું તને
પેલા કરતાં
જુદો... ઊંચો... અનન્ય માને છે, નહીં ?
પણ એક સવાલ પૂછું ?
માઠું તો નહીં લાગેને ?
'મુક્ત' ખરીદ-વેચાણના આ બજારમાં,
શ્રમ કે ટેલન્ટ ઉપર
પેલાની કે તારી
આગવી માલિકી છે ખરી ?

(૩)

જાણું છું દોસ્ત, કલાકાર.....!
પ્રાગૈતિહાસિક યુગથી
તારી ને મારી વચ્ચે
ચાલતો જ રહ્યો છે -
આ વિસંવાદ !
હું પૂછતો રહ્યો છું સતત -
'ક્યાંથી અવતરી તારી આ કલા ?...'
તું તોફાની સ્મિત સાથે ચીંધતો રહ્યો છું આંગળી-
કદીક 'ઉપરવાળા'ની કૃપાદૃષ્ટિ ભણી...
કદીક તારી માતાની કૂખ ભણી...
કદીક ધર્મગુરુના આશીર્વાદ ભણી...
કદીક રાજસિંહાસનના કલાપ્રેમ ભણી...
તો કદીક વળી -
ગંભીર થઈને,
તારી આકરી કલાતપશ્ચર્યા ભણી !



પણ હું કદી કન્વીન્સ નથી થયો
તારા આ એક્કેય જવાબથી;
ને તેથી જ
કદી કદી ઉગ્ર બની ગયો છે -
આપણી વચ્ચેનો વિસંવાદ !
તારી આગવી ઓળખ પ્રમાણે
તું ઉશ્કેરાયો છું - અનહદ !
તેં -
કચકચાવીને ભાંડી છે મને ગાળો...
હડસેલ્યો છે મને દૂર...
પીંખ્યો છે મને -
તારાં ધારદાર નહોર અને દંતશૂળોથી !
જોકે,
તને યાદ હોય તો -
જ્યારે જ્યારે તેં આવું કર્યું છે, ત્યારે ત્યારે -
તારી નીંદર વેરણ થઇ છે - રાતોની રાતો...
તું દાઝતો, ચીખતો, ભડભડતો રહ્યો છું -
તારી અંદરના અને બહારના સૂરજો વચ્ચે...!
સાચું કહું તો -
હું પણ દેખી નથી શકતો તારી એ અકથ્ય પીડા... !
પણ મારું કર્તવ્ય -
પથ્થર બનીને ગોઠવાઇ જાય છે, મારા દિલ ઉપર...
ને પૂછાવડાવે છે મારી પાસે -
તને, મારા દોસ્તને,
એનો એ પ્રાગૈતિહાસિક સવાલ -
'ક્યાંથી અવતરી તારી આ કલા ?'

## 'પ્રતિક્રાંતિના વાયરા પડશે !'

"આપણું રાજકારણ ક્યાં જઇ રહ્યું છે ? લોકસંઘ (IPTA)ની ત્રણ નાટિકાઓ ઉપર પ્રતિબંધ મૂકાયો એ તમે વાંચ્યુંને ? મેં એ નાટિકાઓ જોઇ છે ને એમાં વાંધાભરેલું મને લાગ્યું નથી. ટીકા પણ હળવાશથી કરી છે ને એમાં કલા છે. એક બાજુ કોમી છાપાંઓ રોજ ઝેર રેડે છે તેને કોઇ અટકાવતું નથી ને આ નાટિકાઓ પર પ્રતિબંધ ! ..... આપણા સેવકો સત્તાસ્થાને બેસે ત્યારે આવું કેમ બને ? મને લાગે છે કે આમ થયા કરશે તો આપણામાં પક્ષો પડશે ને પ્રતિક્રાંતિના વાયરા પડશે. એ હવા ગતિમાન થઇ રહેલી હું જોઇ રહ્યો છું."

(અવસાનના આગલા દિવસે, 8-3-1947ના રોજ એક પત્રકાર સાથેના વાર્તાલાપમાંથી.)

- ઝવેરચંદ મેઘાણી

## 'મારો રસ્તો - મારી મંઝિલ'

"..... આજે જનવાદી-ક્રાંતિકારી કર્મશીલ પહેલાં છું - કવિ પછી ! બાકી સ્વપ્નો તો સમૂળી ક્રાંતિનાં જોઉં છું. જાણુંયે છું કે મારા જીવિત દરમિયાન એ સાકાર થાય એટલું સહેલું નથી. પેલી બાજુ..... હજી મારે જેમના સુધી પહોંચવાનું છે, એમની પાસેથી લઇને એમને પાછું આપવાનું છે..... એ કામ પણ લાંબું પહોળું છે. ક્રાંતિની કવિતાનો તો હું કક્કો ઘૂંટું છું. મારી અંદરની ને બહારની ધાર સતત તેજતર્રાર રહે, સમજણની સતર્કતા તાતી - તીક્ષ્ણ રહે અને છેલ્લા શ્વાસ લગી કલમ ક્રાંતિની વાત કરતી રહે એ મારો રસ્તો અને એ મારી મંઝિલ."

('શબ્દસૃષ્ટિ' : ઑક્ટોબર-નવેમ્બર, 1997 - પ્રશ્નોત્તર)

- સરૂપ ધ્રુવ



# એક છાયા

*[મક્સિમ ગૉર્કીની રશિયન વાર્તાના હિન્દી રૂપાંતરનો ગુજરાતી અનુવાદ]*

[હિન્દીમાં રૂપાંતરકર્તા શ્રી સુધા શ્રીવાસ્તવ]
[પ્રાપ્તિસ્રોત : પત્રિકા - 'દાયિત્વબોધ']

- મયંક ઓઝા

ચારે તરફ અંધકાર ફેલાયેલો હતો. કેટલાંક મિત્રો અને આમંત્રિતોની સાથે 'સાહિત્યગોષ્ઠી'માં મારી પ્રકાશિત વાર્તાઓમાંની એકનું વાંચન કરી જ્યારે હું એ ઘરમાંથી બહાર નીકળ્યો, રાત ઘણી વહી ગઇ હતી. બધાંને મારી વાર્તા ખૂબ જ ગમી હતી... હૃદયમાં આનંદ છલકાઇ રહ્યો હતો... કેવાં મોં -ફાટ વખાણ કર્યા બધાંએ !... જીવનની સાર્થકતાનો જાણે એક વધુ અનુભવ..! હું ધન્યતાના ભાવ સાથે સડક પર ચાલી રહ્યો હતો..... પહેલાં ક્યારેય ન અનુભવ્યું હોય તેવું સુખ હું અનુભવી રહ્યો હતો.

ફેબ્રુઆરીનો મહિનો હતો. ચમકતા તારલાઓથી જડેલું વાદળરહિત આકાશ મનોહર લાગતું હતું. વાતાવરણમાં ઠંડક હતી. હમણાં જ વરસેલો બરફ રાત્રિને વધુ મોહક બનાવતો હતો. લોકોની નજરોમાં આપણે કંઇક 'ખાસ' છીએ એ વાત જ મનને કેટલી રોમાંચક લાગે છે ! હૃદયનો આનંદ ચહેરા પર અંકાઇ ગયો. હું ભવિષ્યનાં રંગબેરંગી સપનાઓમાં વિહરવા લાગ્યો.

"હા, તમે એક ખૂબ સરસ વાર્તા લખી છે એમાં જરાય શંકા નથી." અચાનક ધીમેથી કોઇનો અવાજ આવ્યો. આશ્ચર્યથી ચમકીને મેં પાછળ જોયું. કાળાં કપડાં પહેરેલ, બેઠી દડીનો એક માણસ લગભગ મારી નજીક આવી ગયો હતો. એક અર્થપૂર્ણ સ્મિત સાથે તેણે મારી તરફ જોયું. તેનું સમગ્ર

વ્યક્તિત્વ જ ધારદાર લાગતું હતું - તેની નજર, તેનાં જડબાં, તેની દાઢી જે બકરાની દાઢી જેવી અણીદાર હતી, તેનો બેઠી દડીનો એકવડો બાંધો... બધું એવું વિચિત્ર, છતાં આંખોમાં ખૂંપી જાય તેવું. તે શાંતિથી ધીરે ધીરે ચાલતો હતો. એમ લાગે કે જાણે તે બરફ ઉપર સરકી રહ્યો છે ! 'સાહિત્યગોષ્ઠી'માં જે લોકો હાજર હતાં તેમાં આ માણસ મને દેખાયો નહોતો. એટલે જ તેનું આ વાક્ય સાંભળી હું ચકિત થઇ ગયો. કોણ હશે આ માણસ ? ક્યાંથી આવ્યો હશે ?

"તમે મારી વાર્તા સાંભળી હતી ?" મેં પૂછ્યું.

"હા, મને એ સાંભળવાનો લ્હાવો મળ્યો." એનો અવાજ ધારદાર હતો. એના પાતળા હોઠ અને પાતળી કાળી મૂછ પર સતત સ્મિત રમતું હતું. મને એ થોડું વિચિત્ર લાગ્યું. "બીજા બધાંથી આપણે સાવ જુદા જ છીએ, તેવો અનુભવ બહુ સુખદ હોય છે નહીં ?" એ માણસે પૂછ્યું. મને આ પ્રશ્નમાં કાંઇ એવી ખાસ વાત ન લાગી. "હા....હા....હા...!" પાતળી આંગળીઓથી બંને હાથ મસળતાં તે વેધક હસ્યો. તેનું આવું હાસ્ય મને અપમાનજનક લાગ્યું.

"તમે બહુ હસમુખા માણસ લાગો છો." મેં શુષ્ક અવાજમાં કહ્યું.

"અરે હાં, ખૂબ જ !" હસતાં હસતાં જ તેણે માથું ધૂણાવ્યું અને બોલ્યો, "સાથે સાથે કોઇ વાતનો તંત ન છોડું તેવો ચીટકુ પણ ખરો જ ! કારણ કે હું હંમેશા બધું જ સમજવા માગું છું. દરેક વસ્તુ જાણવા માગું છું." એણે ફરી એક વાર પેલું અર્થપૂર્ણ સ્મિત કર્યું અને વેધક નજરે મારી સામે જોતો રહ્યો.

મેં તેના ઉપર એક નજર નાંખી અને ઠંડકથી પૂછ્યું, "માફ કરજો, પણ હું જાણી શકું કે હું કોની સાથે વાત કરી રહ્યો છું ?"

"હું કોણ છું ? શું તમે અનુમાન નથી કરી શકતા ? કંઇ નહીં, પણ હમણાં તો હું તમને નહીં જ કહું ! તમારે મન માણસનું નામ એ વાતથી વધારે મહત્વનું છે જે વાત એ તમને કહેવા માંગે છે ?" એનો અવાજ વધુ ધારદાર લાગ્યો.

"ના...ના... એવું નથી, પણ આ કંઇક... ખૂબ જ વિચિત્ર લાગે છે." મેં જવાબ આપ્યો.



એણે મારો હાથ પકડી હળવેકથી ઝટકો માર્યો ને શાંતિથી બોલ્યો, "ભલે વિચિત્ર લાગે ! માણસ ક્યારેક તો જીવનની એ સાવ પુરાણી માન્યતાઓમાંથી છૂટકારો મેળવવા માગે છે. એની આસપાસ રચાયેલી એ વર્ષોજૂની સીમાઓને તોડીફોડીને ક્યાંક બહાર નીકળવા માગે જ છે...... જો તમને વાંધો ન હોય તો જરા વિસ્તારપૂર્વક વાત કરીએ." ક્ષણેક અટકીને એ બોલ્યો, "માની લો કે હું તમારો એક ભાવક છું. એક એવો વિચિત્ર પ્રકારનો ભાવક, જે એ જાણવા માગે છે કે કોઇ પણ પુસ્તક - દા.ત. તમારું પોતાનું લખેલું પુસ્તક - ક્યાં અને કેવા ઉદ્દેશ માટે લખાયું છે ? બોલો, આ પ્રકારની વાતચીત ગમશે ?"

"હા, હા, જરૂર !" મેં કહ્યું, "મને આનંદ થશે. આવા ભાવક સાથે વાત કરવાનો અવસર કાયમ નથી મળતો !" પરંતુ હું જાણતો હતો કે હું ખોટું બોલતો હતો, કારણ આ બધું મને ખૂબજ અસહ્ય લાગી રહ્યું હતું. છતાં પણ હું તેની સાથે ચાલતો રહ્યો, ધીમા પગલે, શિષ્ટાચારના એવા ભાવ સાથે કે જાણે એની વાતો હું ધ્યાનથી સાંભળી રહ્યો છું. થોડાંક ડગલાં આગળ ચાલ્યા પછી એ વિશ્વાસપૂર્વક બોલ્યો, "સારું, મને એક વાતનો જવાબ આપશો ? તમે એ તો માનો છો ને કે માનવીય વ્યવહારમાં રહેલા ઉદ્દેશો અને ઇરાદાઓથી વધારે વિચિત્ર અને મહત્વપૂર્ણ વાત આ દુનિયામાં બીજી કોઇ નથી ?"

મેં માત્ર માથું ધૂણાવી હા પાડી.

"સારૂં, મને લાગે છે આપણે જરા ખૂલીને વાત કરીએ. સાંભળો, તમે યુવાન છો. તમારે આ રીતે નિખાલસ ચર્ચા કરવાનો એક પણ મોકો જતો ન કરવો જોઇએ."

"વિચિત્ર માણસ છે !" હું મનોમન બબડ્યો પરંતુ એના શબ્દોએ મને મૂંઝવી નાંખ્યો હતો. "એ તો બરાબર છે." મેં સસ્મિત કહ્યું, "પરંતુ આપણે શેના વિશે વાત કરીશું ?"

એક પરિચિતની અદાથી એણે મારી આંખોમાં આંખો પરોવી ખૂબ જ ભાવપૂર્ણ રીતે કહ્યું, "સાહિત્યના ઉદ્દેશો વિશે.....ગમશે ?"

"હા, પણ ખાસ્સું મોડું થઇ ગયું છે...."

"અરે, તમે તો હજુ યુવાન છો, તમારે માટે હજુ કંઇ મોડું નથી થયું."

હું ચોંકી ગયો. તેના શબ્દોએ મને સ્તબ્ધ કરી દીધો હતો. કંઇક જુદા જ અર્થમાં આ શબ્દો બોલાયા હતા. અને તેનું ઉચ્ચારણ એટલું ગંભીર હતું જાણે તેમાં ભાવિની એંધાણી હતી. હું ઉભો રહી ગયો.... પરંતુ તેણે મારો હાથ પકડી આગળ ચાલવા માંડ્યું.

''અટકશો નહીં, મારી સાથે તમે સાચા રસ્તે છો.'' એણે કહ્યું, ''તમે કંઈક કહો, તમે મને એ કહો કે સાહિત્યનો ઉદ્દેશ શું છે?''

હવે મારુ અચરજ વધવાની સાથે મારી સ્થિરતા ડોલવા માંડી હતી. આખરે આ માણસ મારી પાસેથી શું ઈચ્છે છે? અને કોણ છે આ માણસ? ચોક્કસ એનામાં રસ પડે તેવો માણસ હતો પણ.... મને તેના ઉપર ગુસ્સો આવતો હતો. એનાથી છૂટવાની મેં એક વધુ કોશિશ કરી. હું ઝડપથી આગળ ચાલવા માંડ્યો. પરંતુ તે પણ ઝડપથી ચાલી મારી સાથે થઇ જતાં શાંત ભાવે બોલ્યો,'' હું તમારી પરેશાની સમજી શકું છું. અચાનક સાહિત્યના ઉદ્દેશની વ્યાખ્યા કરવી તમારા માટે મુશ્કેલ છે, નહીં ? તમે કહેતા હો તો હું પ્રયત્ન કરું ?''

એ માણસે હસતાં હસતાં મારી તરફ જોયું. પરંતુ મારા જવાબની રાહ જોયા વગર જ બોલવા માંડ્યો, ''જો હું એમ કહું કે સાહિત્યનો ઉદ્દેશ ખુદ પોતાને ઓળખવા મથતા માણસની મદદ કરવાનો છે. - તો મારી સાથે કદાચ તમે સહમત થશો. સાહિત્યનું સર્જન એટલા માટે થવું જોઈએ કે તે લોકોના આત્મવિશ્વાસને વધારે, સત્યની શોધમાં તેમને સહારો આપે, તેમની ઊણપને દૂર કરવામાં સહાય કરે તથા તેમની સારપને બિરદાવે.... સાહિત્યનો ઉદ્દેશ લોકોના હૃદયમાં સમભાવ, સાહસ અને જુસ્સો પેદા કરવાનો છે, આદર્શો માટે શક્તિ સંગઠિત કરવામાં તેમની મદદ કરવાનો છે. સૌંદર્યની પવિત્ર ભાવનાથી તેમનું જીવન સુંદર બનાવવાનો છે.... આટલું તો માનો છો ને ?''

''હા.'' મેં કહ્યું, ''મોટા ભાગે બધાંય એ તો સ્વીકારે જ છે કે સાહિત્યનો ઉદ્દેશ લોકોને વધુ સારા બનાવવાનો છે.''

''ખરેખર, લેખક તરીકે તમે કેટલા ઉંચા આદર્શને માટે કામ કરી રહ્યા છો !'' એ માણસ પૂરી ગંભીરતાથી ભારપૂર્વક એક એક શબ્દ બોલ્યો અને પોતાનું આગવું વેધક હાસ્ય કરવા માંડ્યો, ''હા.... હા.... હા.... !''



મને આ અપમાનજનક લાગ્યું. હું ગુસ્સે થઇ લગભગ બરાડી ઉઠ્યો, ''તમારે જોઇએ છે શું ?''

એણે માત્ર એક હળવા સ્મિત સાથે મારો હાથ પકડી લીધો અને મને ખેંચી જતો હોય તેમ બોલ્યો, ''ચાલો, થોડી વાર પેલા બગીચામાં જઇને બેસીએ.'' હું યંત્રવત્ તેની સાથે ચાલ્યો.

હવે અમે શહેરના એક બગીચામાં આવી ગયા હતા. વૃક્ષોની પર્ણવિહિન ડાળીઓ ઉપર બરફનો થર જામી ગયો હતો, જે ચંદ્રના પ્રકાશમાં વધુ ચમકતો હતો. એવું લાગતું હતું જાણે આ હીમકવચ પહેરેલ મજબૂત ડાળીઓ મારી છાતી સોંસરવી ઉતરી સીધી મારા હૃદય સુધી પહોંચી ગઇ છે.

એક પણ શબ્દ બોલ્યા વગર મેં એ માણસ તરફ જોયું. એના વર્તને મને મૂંઝવણમાં મૂકી દીધો હતો. ''એના મગજનો કોઇ સ્ક્રૂ ઢીલો હોય એમ લાગે છે.'' એના વર્તનની આવી વ્યાખ્યા કરી મેં મારી જાતને સંતોષવાનો પ્રયત્ન કર્યો.

''કદાચ તમને એમ લાગે છે કે મારૂં મગજ ઠેકાણે નથી.'' જાણે મારા મનના ભાવ કળી ગયો હોય એમ તે બોલ્યો, ''પરંતુ આવા વિચારો ન કરો. તમારે માટે એ યોગ્ય નથી એટલું જ નહીં, નુકશાનકારક પણ છે. ખરેખર તો જે માણસ આપણાથી થોડો જુદો છે તેને સમજવાનો પ્રયત્ન કરવાને બદલે, આવી ધારણાઓ આગળ ધરીને આપણે એને સમજવાની ઝંઝટમાંથી છૂટકારો મેળવવા માગતા હોઇએ છીએ. માણસ પ્રત્યેની માણસની દુઃખદ ઉદાસીનતાનું આ એક બહુ જ મજબૂત પ્રમાણ છે.''

''ઓહ... ઠીક છે.'' મેં કહ્યું. મારો ગુસ્સો ધીમે ધીમે વધતો જતો હતો. ''પણ માફ કરજો, હું હવે જઇશ, ઘણું મોડું થઇ ગયું છે.'' ''જાઓ.'' પોતાનાં ખભા ઉલાળતાં તે બોલ્યો, ''જરૂર જાઓ, પણ એટલું સમજી લો કે તમે ખુદ તમારાથી દૂર ભાગી રહ્યા છો.'' એણે મારો હાથ છોડી દીધો. હું તરત ત્યાંથી ચાલવા માંડ્યો.

એ માણસ બગીચાની જ એક ટેકરી પર ઉભો હતો. ત્યાંથી વોલ્ગા દેખાતી હતી, જે અત્યારે બરફની ચાદરથી ઢંકાયેલી હતી. એવું લાગતું હતું જાણે બરફની એ ચાદર પર સડકના કાળા પટ્ટા પાડેલા હોય ! સામે કિનારે દૂર સુધી નિઃસ્તબ્ધ અને ઉદાસીમાં ડૂબેલાં મોટાં મેદાન વિસ્તરેલાં હતાં. નજીકમાં

જ એક બાંકડા ઉપર તે બેસી ગયો અને સૂનાં મેદાનો તરફ જોતાં, મોઢેથી સીટી વગાડી એક પરિચિત ગીતની ધૂન ગણગણવા માંડ્યો :

"બતાવશે રસ્તો કઈ રીતે ?
ખુદ તો રાહ ભૂલેલા છે...."

મેં પાછું ફરીને તેની સામે જોયું. પોતાની કોણીને ગોઠણ પર અને ચહેરાને હથેળીમાં ટેકવીને મોઢેથી સીટી વગાડતો એ એકીટશે મારી તરફ જોઈ રહ્યો હતો. અને ચાંદનીમાં ચમકતા તેના ચહેરા પર તેની કાળી મૂછ ફરફરતી હતી.

હું થોડીક ક્ષણ અટક્યો, પણ મને લાગ્યું કે કુદરતને આજે આ જ મંજૂર છે તો ભલે એમ... અને મેં તેની પાસે પાછા ફરવાનો નિર્ણય કર્યો. ઝડપથી ચાલી હું તેની પાસે આવી ગયો અને તેની બાજુમાં બેસી ગયો.

"જુઓ, આપણે કંઈ વાત કરવી હોય તો તે સાવ સીધી રીતે કરવી જોઈએ" મેં આવેશમાં છતાં સંયમપૂર્વક તેને કહ્યું.

"લોકોએ હંમેશા સાવ સીધી અને સરળ રીતે જ વાત કરવી જોઈએ." એણે માથું હલાવતાં કબૂલ્યું, "પરંતુ એ તો તમારે પણ માનવું જ પડશે કે હું તમારી સાથે આમ અલગ રીતે વર્ત્યો ન હોત તો તમે મારા તરફ આટલું ધ્યાન ન આપત. આજકાલ સીધી-સરળ-સ્પષ્ટ વાતોને નીરસ અને શુષ્ક કહેવામાં આવે છે. આવી સીધી-સ્પષ્ટ વાતોની ઉપેક્ષા કરવામાં આવે છે.

"પરંતુ ખરી વાત તો એ છે કે આપણે ખુદ એટલા ઠંડા અને કઠોર થઈ ગયા છીએ કે આપણે ક્યાંય ગુસ્સો જન્માવી શકતા નથી. આપણે તુચ્છ કલ્પનાઓમાં અને વાહિયાત દિવાસ્વપ્નોમાં રાચીએ છીએ, આપણે પોતે જ આપણી જાતને કંઈક જુદી જ, વિચિત્ર પૂરવાર કરવા માગીએ છીએ કારણ કે આપણે આપણા જીવનની રચના જ સાવ નીરસ, ફીક્કી અને કંટાળાજનક કરી છે. અરે, આપણે તો જીવનને બદલવા કેટલા ઉત્સાહ અને આવેશથી નીકળી પડ્યા હતા? આજે એણે જ આપણને કચડી નાંખ્યા છે." એક પળ રોકાઈને એણે પૂછ્યું, "સાચું કહું છું ને હું ?"

"હા." મેં કહ્યું, "તમારી વાત સાચી છે."



"તમે બહુ જલ્દી મારી વાત સ્વીકારી લો છો." વેધક હાસ્ય હસતાં તેણે મારી મજાક કરી.

મને લાગ્યું કે હું હારી ગયો છું. એણે અર્થપૂર્ણ નજરે મારી સામે જોયું અને સ્મિત કરતાં બોલ્યો, "તમે લેખક છો અને તમે જે લખો છો તેને હજારો લોકો વાંચે છે. તમે તમારા લેખન દ્વારા લોકોને શું આપવા માગો છો ? અને શું તમે ક્યારેય તમારી જાતને પૂછયું છે કે બીજાને શિખામણ આપવાનો તમને શું અધિકાર છે ?"

જીવનમાં પહેલીવાર મેં મારી જાતને ઢંઢોળી. પહેલીવાર મેં મારી અંદર દૃષ્ટિ કરી, પહેલીવાર મેં મારી જાતને પૂછ્યું, "હું લોકોને શું આપું છું ? લોકોને આપવા માટે મારી પાસે છે શું ? એ બધી વાતો જે હંમેશા કહેવા સાંભળવામાં આવે છે છતાં તે માણસને વધારે સારો બનવામાં મદદ નથી કરી શકતી ? એ વિચારો કે નીતિનિયોમો જેમાં નથી તો હું વિશ્વાસ રાખતો કે નથી તો જેને હું અનુસરતો ? મને શું હક્ક છે આવી વાતો લખવાનો ? અને જ્યારે હું પોતે જ એ વિચારો કે નીતિનિયમો વિરૂધ્ધ આચરણ કરૂં છું ત્યારે શું એ ફલિત નથી થતું કે તેમની સચ્ચાઈમાં મને વિશ્વાસ નથી ? આ માણસને હું શું જવાબ આપું જે મારી બાજુમાં બેઠો છે ?"

પરંતુ એણે મારા જવાબની રાહ જોતાં કંટાળીને ફરી બોલવાનું શરૂ કરી દીધું, "એક સમય હતો જ્યારે આ ધરતી લેખન-કળાના વિદ્વાનો, જીવનનો અભ્યાસ કરનારા અને માનવ હૃદયને ઓળખનારા નિષ્ણાતો અને એવા એવા અનેક લોકોથી ભરી ભરી હતી, જેઓ વિશ્વને સુંદર બનાવવાની પ્રબળ આકાંક્ષા તથા માનવ જીવનમાં ઊંડો વિશ્વાસ ધરાવતા હતા. એમણે એવાં પુસ્તકો લખ્યાં છે જે ક્યારેય ભૂલી શકાય એમ નથી કારણ એમાં જીવનનાં સનાતન સત્યોનું નિરૂપણ થયેલું છે, એ પુસ્તકનાં પૃષ્ઠોમાંથી ક્યારેય મલિન ન થઈ શકે તેવું સૌંદર્ય પ્રગટ થઈ રહ્યું છે. એ પુસ્તકોમાં અંકિત થયેલાં પાત્રો સાચુકલાં લાગે છે કારણ જીવનની પ્રેરણામાંથી તેમનાં સર્જન થયાં છે. એ પુસ્તકોમાં સાહસ છે, જુસ્સો છે અને ઉન્મુક્ત સાચો પ્રેમ છે. એ પુસ્તકોમાં એક પણ શબ્દ છેતરામણો નથી."

"હું જાણું છું કે આ પુસ્તકમાંથી તમે ઘણું લીધું છે. પરંતુ તે બધું તમે પોતે જ પચાવી શક્યા નથી. સત્ય વિષે અને પ્રેમ વિષે તમે જે કંઈ લખો છો તે જુઠ્ઠું અને અનુભૂતિશૂન્ય લાગે છે. એવું લાગે છે જાણે શબ્દો બળજબરીથી બોલાઈ રહ્યા છે. ચંદ્રની જેમ તમે બીજાના પ્રકાશથી ચળકી રહ્યા છો, અને એ તેજ પણ મલિન છે જે છાયાઓ બહુ આપે છે અને પ્રકાશ બહુ જ ઓછો અને ગરમી તો એમાં જરા પણ નથી."

"ખરેખર તો, તમે પોતે જ ગરીબ છો, એટલા ગરીબ કે બીજાને એવી કોઈ જ વસ્તુ નથી આપી શકતા જે ખરેખર મૂલ્યવાન હોય. કદાચ કંઈ આપો છો તો પણ સર્વોચ્ચ સંતોષની એવી અનુભૂતિ સાથે, નહિ કે તમે સુંદર વિચારો શબ્દોના ભંડોળમાં વૃધ્ધિ કરીને જીવનને યથાર્થ ઠરાવ્યું હોય. તમે તો માત્ર એટલા માટે આપો છો કે લોકો પાસેથી તમે વધુમાં વધુ લઈ શકો. તમે એટલા બધા કંગાળ છો કે કોઈને કંઈ ઉપહાર નથી આપી શકતા. અથવા તો મને કહેવા દો કે તમે વ્યાજખાઉ શાહૂકાર છો અને અનુભવના ટુકડાઓની આપ-લે કરો છો જેથી પ્રતિષ્ઠાના રૂપમાં વ્યાજ પડાવી શકો."

તેની આંખોમાં આક્રોશ ઉભરાઈ રહ્યો હતો અને તે અટક્યા વગર બોલ્યે જતો હતો.

"તમારી કલમ વસ્તુને ઉપરથી જ ખોતર્યા કરે છે, અને ક્યારેક જીવનની તુચ્છ પરિસ્થિતિઓને તમે નિરર્થક રીતે ઊંડે સુધી ખોતરો છો-ચૂંથો છો. તમે સાધારણ માણસની સાધારણ ભાવનાઓનું વર્ણન કરતા રહો છો. પરંતુ શું તમે કોઈ એવી રચના પણ કરી શકો છો જેમાં મનુષ્યના જીવનને ઉપર ઉઠાવવાની ક્ષમતા હોય ?.... ના. તો શું તમે એને જ મહત્ત્વનું ગણો છો કે દરેક જગ્યાએ પડેલા ઉકરડાને ફંફોસવામાં આવે અને એ સાબિત કરવામાં આવે કે માણસ ખરાબ છે, આત્મ સન્માનની ભાવનાથી અજાણ છે, પરિસ્થિતિનો ગુલામ છે, સંપૂર્ણરીતે અને હંમેશને માટે નમાલો, દયાજનક અને એકલવાયો છે ?....."

"હું તો કહું કે માણસ માટે આવો ઘૃણાસ્પદ પ્રચાર કરનારાઓ માનવતાના શત્રુઓ છે. અને દુઃખની વાત એ છે કે એ લોકો માણસના



મનમાં એ વાત ઠસાવવામાં સફળ પણ થઈ ચૂક્યા છે કે માનવ બુધ્ધિ આજ કુંઠિત થઈ ગઈ છે. તેના આત્માના તાર બેસૂરા થઈ ગયા છે."

"પણ એમાં કંઈ નવાઈ પામવા જેવું નથી. માણસ પોતાની જાતને એ જ રૂપમાં જુએ છે જે પુસ્તકોમાં બતાવવામાં આવે છે. અને આ પુસ્તકો કે જે કોઈ ખાસ અસર કે ભ્રમ પેદા કરવા માટેની વાક્પટુતાથી લખાયેલા છે તે વાચકોને હતબુધ્ધિ કરીને એક હદ સુધી તેમને પોતાના વશમાં કરી લે છે. જો એમાં માણસને નમાલો, દયાજનક અને એકલવાયો દર્શાવાયો હોય તો વાચક તેમાં પોતાનું જ પ્રતિબિંબ જોતી વખતે પોતાનો કદરૂપો ચહેરો તો જુએ જ છે. પણ એ જ સમયે તેને એ નથી દેખાતું કે આ વિરૂપતાને સુધારવાની પણ કોઈ સંભાવના હોઈ શકે છે."

"શું તમારામાં આ સંભાવનાને ઉપસાવીને તમારા વાચક સમક્ષ મૂકવાની ક્ષમતા છે ? પણ તમે આ કઈ રીતે કરી શકો કારણ કે તમે પોતે જ... જવા દો, હું તમારી લાગણીને ઠેસ નહીં પહોંચાડું કેમ કે, મારી વાતનો વિરોધ કર્યા વગર કે તમારી જાતને સાચી ઠેરવવાની કોશિશ કર્યા વગર તમે મારી વાત સાંભળી રહ્યા છો."

"તમે, તમારી જાતને પયગંબર સ્વરૂપે જુઓ છો. તમે એમ માનો છો કે માણસના જીવનની ઉણપોને દૂર કરવા ઈશ્વરે તમને આ દુનિયામાં મોકલ્યા છે જેથી માણસનું જીવન વધુ સારૂં બને. પણ માણસની ઉણપ દર્શાવતી વખતે શું તમે એ ન જોયું કે આ ઉણપ અને સારપ એકબીજામાં વણાયેલાં છે ? મને તો એમાંય શંકા છે કે ઈશ્વરે તમને પયગંબર બનાવીને મોકલ્યા છે ! એ જો એમ કરત તો જરૂર તમારા કરતાં વધુ શક્તિશાળી માણસોને આ કામ માટે પસંદ કરત. અને એમનામાં જીવન પ્રત્યે, સચ્ચાઈ પ્રત્યે, લોકો પ્રત્યે સાચા પ્રેમની જ્યોત પ્રગટાવત, જેથી તે અંધકારમાં પોતાનાં ગૌરવ અને શક્તિને પ્રગટ કરનાર મશાલની જેમ પ્રકાશ ફેલાવે. જ્યારે તમે લોકો તો પ્રકાશને બદલે ધૂમાડો ફેલાવો છો જે લોકોનો આત્મવિશ્વાસ હણી લે છે."

"એટલે જ તમે અને તમારી જાતિના અન્ય લોકોએ જે કાંઈપણ લખ્યું છે એ બધાંનો એક સચેત વાચક, હું, તમને પૂછું છું કે જો તમારી કૃતિઓ કંઈ જ નથી શિખવાડતી તો તમે શું કામ લખો છો ? તમારો વાચક તમારા

સિવાય કોઈ વસ્તુ માટે લજ્જા નથી અનુભવતો. તમારી કૃતિઓમાં સાવ સામાન્ય લોકો, સાવ સામાન્ય વિચાર અને અતિ સામાન્ય ઘટનાઓનું નિરૂપણ જોવા મળે છે. માણસ વિદ્રોહ માટે આગળ આવે અને પુનઃજાગરણ માટે તૈયાર થાય તેવું બોલવાનું -લખવાનું તમે ક્યારે શરૂ કરશો ? તમારા લખાણમાં રચનાત્મક જીવન માટેનો એ લલકાર ક્યાં છે, જે સાંભળીને માણસ બેઠો થઈ જાય ?''

''કદાચ તમે કહેશો-જે કંઈ અમે લખીએ છીએ એના સિવાય જીવનમાં અન્ય ઘટનાઓ ક્યાં જોવા મળે છે ? ના, સર્જક મહાશય, એવી વાત ન કરશો. અરે, આ તો શરમની વાત છે, અપમાનની વાત છે કે ઈશ્વરે જેને લખવાની શક્તિ આપી છે એ જ માણસ જીવનમાં પોતાની પંગુતા અને તેમાંથી બહાર નીકળવાની પોતાની અશક્તિનો સ્વીકાર કરતો હોય. જો તમારૂં સ્તર પણ એ જ હોય જે આમ જીવનનું છે, જો તમારી કલ્પના એવી ઘટનાઓનું સર્જન નથી કરી શકતી જે જીવનમાં જોવા મળતી નથી પણ જીવનના સુધાર માટે અત્યંત આવશ્યક છે, તો તમરૂં સર્જકપણું શું કામનું ? અને તો પછી આ તમારા હુન્નરની સાર્થકતા શી ?''

''તમારી કૃતિઓ દ્વારા લોકોના મગજને તેમનાં જ શુષ્ક જીવનનાં તાદૃષ્ય વર્ણન કરેલા ફોટોગ્રાફ જેવા ચિત્રોનું ગોડાઉન બનાવતી વખતે તમારા હૃદય પર હાથ મૂકી પૂછો તો ખરા કે આમ કરી તમે એ સામાન્ય લોકોને નુકસાન તો નથી પહોંચાડી રહ્યાને ? કારણ તમારામાં જીવન વિષેનું એ ચિત્ર રજૂ કરવાની આવડત જ નથી જે એક નવી જ ચેતનાને જન્મ આપે. જીવનની નવા સ્વરૂપે રચના કરવાની ઈચ્છાને વધુ પ્રજ્વલિત કરે. તમારી આ ઉણપ હવે તમારે જલદી સ્વીકારી લેવી જોઈએ. શું તમે ક્યારેય જીવનનાં સ્પંદનો વધુ તીવ્ર થાય તે માટે લખ્યું છે ? શું તમે જીવનમાં એક નવી જ સ્ફૂર્તિનો સંચાર થાય તેવું કંઈ લખી શકો છો ?''

એ વિચિત્ર માણસ રોકાઈ ગયો. હું કંઈપણ બોલ્યા વિના એના શબ્દો ઉપર વિચારતો રહ્યો. થોડીવાર પછી એણે ફરીથી કહ્યું, ''એક બીજી વાત, શું તમે એવી આનંદપૂર્ણ હાસ્યચરના કરી શકો છો જે મનનો બધો ભાર હળવો કરી દે ? લોકો બિચારા જીવનમાં હસવાનું ભૂલી ગયા છે. તે ભાગ્યે



જ હસે છે અને હસે છે તો પણ ઈર્ષ્યા અને કૂથલીનું હાસ્ય, ક્યારેક પોતાનાં જ આંસુને છૂપાવવા હસે છે. એ એવું ઉલ્લાસપૂર્ણ અને હૃદયના ઉંડાણમાંથી ક્યારેય નથી હસતાં જે હસતાં હસતાં બુઢ્ઢાંઓના પેટમાં આંટી પડી જાય. હસવું તો આરોગ્ય માટે લાભકર્તા છે. એ ખૂબ જરૂરી છે કે માણસ હસે..... અને માણસમાં હસવાની ક્ષમતા એ આંગળીના વેઢે ગણી શકાય તેવા ગુણોમાંની એક છે જે માણસને પ્રાણીથી જુદો પાડે છે.''

''શું તમે સર્જકો નિંદા સિવાયનું કોઇ હાસ્ય જન્માવી શકો છો ? નિંદાનું હાસ્ય તો સાવ હલકી કક્ષાનું છે. માણસને ખુદને હાસ્યાસ્પદ બનાવે છે. માણસની આ સ્થિતિ દયાજનક છે.''

''તમારા હૃદયમાં મનુષ્યની નબળાઇઓ માટે સખત ધૃણા અને મનુષ્ય માટે સખત પ્રેમ હોવાં જોઇએ, ત્યારે જ તમે માણસને શિખામણ આપવાના અધિકારી થઇ શકો છો. જો તમે ધૃણા અને પ્રેમ એ બંનેમાંથી કશાયનો અનુભવ નથી કરી શકતા તો કંઇ પણ બોલતાં-લખતાં પહેલાં સો વાર વિચાર કરી લો.''

રાત્રિનો ગાઢ અંધકાર કંઇક ઓછો થતો હોય એમ લાગ્યું. પરોઢનું ઝાંખું અજવાળું ધીમે ધીમે સ્ફૂટ થતું હતું પણ મારા હૃદયમાં અંધકાર ફરી વળ્યો હતો. આ માણસ જે મારા વિષે બધું જ જાણતો હતો. એ હજુ પણ બોલી રહ્યો હતો, ''છતાં એક વાત છે, પહેલાં કરતાં જીવન વધારે વ્યાપક અને અર્થપૂર્ણ થઇ રહ્યું છે પરંતુ એ બહુ ધીમે ધીમે થઇ રહ્યું છે કારણ કે તમારી પાસે આ ગતિને ઝડપી બનાવવા નથી જ્ઞાન કે નથી શક્તિ. જીવન વિકસી રહ્યું છે અને રોજે રોજ લોકો વધુને વધુ જાણવા માગે છે. એમના પ્રશ્નોના જવાબ કોણ આપે ? આ કામ તમારૂં છે. પરંતુ શું તમે જીવનને એટલા ઊંડાણથી સમજો છો કે બીજાને સ્પષ્ટ રીતે સમજાવી શકો ? શું તમને ખબર છે કે સમયની માંગ શું છે ? શું તમને ભવિષ્યની જાણકારી છે ? નિરાશ થઇ ગયેલા માણસના જીવનમાં તમારા શબ્દોથી તમે જીવનનો સંચાર કરી શકવાના છો ?''

આટલું બોલીને તે ચૂપ થઇ ગયો. હું તેની સામે ન જોઇ શક્યો. ખબર નથી મારા મનમાં કયો ભાવ પેદા થયો, ડરનો કે શરમનો..... પણ હું કંઇ ન બોલી શક્યો.

"તમે કંઇ જવાબ નથી આપતા." તેણે ફરી કહ્યું, "જવા દો, તેથી કંઇ ફરક નહીં પડે. હું તમારા મનની પરિસ્થિતિ સમજી શકું છું. સારૂં, તો હવે હું જાઉં છું."

"આટલા જલદી ?" હું ધીમેથી બોલી શક્યો. કારણ હું એ માણસથી ભલે ગભરાતો હોઉં પણ એનાથી વધારે હું મારી જાતથી ડર અનુભવતો હતો.

"હા, હું જાઉં છું, પરંતુ હું પાછો આવીશ. મારી રાહ તમે જોજો..." અને તે માણસ ચાલ્યો ગયો. શું તે ખરેખર ચાલ્યો ગયો ? મેં તેને જતાં ન જોયો. એ એટલી ઝડપથી અને ચૂપચાપ ગાયબ થઇ ગયો જાણે એક છાયા...!

હું એ જ બગીચામાં બેસી રહ્યો.... ખબર નથી, કેટલા સમય સુધી. ન તો મને ઠંડીનું ભાન હતું કે ન એ વાતનું કે સૂર્ય ઊગી ગયો છે અને બરફથી ઢંકાયેલી ડાળીઓ પર ચમકી રહ્યો છે.



# 'ચીલાતોડ કવિતા'

"..... આ કવિતા - ભારતના ફૂટું ફૂટું થતા ઈન્કલાબની આરાધના કરતી શબ્દકથાનો એક નાનકડો ભાગ છે. સ્વરાજ્ય પછીના ભારતીય રાજકારણ - સામાજિક સંઘર્ષોની એક છબિ - રક્તકણ - છે.

'રક્તકણ'ની કવિતામાં કૃષ્ણ ને રાધા નથી અને નથી એમાં લીલાંછમ્મ ખેતરની મન મહેંકાવતી ગંધ. ત્યાં છલકાતો નથી કેસૂડાંનો મનભર રંગ કે નથી લહેરાતું એમાં ફાટફાટ યૌવનનું મદમસ્ત ચિત્રણ.

આ બધું નથી તે કબૂલ છે. આ બધું ગમે એ ય કબૂલ છે. પણ એવી કવિતાઓને માણનારો હું આજે કોણ જાણે કેમ, મારી કવિતામાં કંઇક જુદી વાત ઘૂંટી બેસું છું.

મને ખબર નથી ગુજરાતી કવિતાના શિષ્ટ પ્રવાહને ઝીલનારા લોકો સાથે મારો કોઇ મેળ છે કે નહીં - પણ મને એમ લાગે છે કે આ યુગના સર્જકોનો કહેવાનો ઢંગ ક્યાંક ને ક્યાંક ચીલાઓ તોડનાર રહેવાનો..... કદાચ આવી કવિતા વાંચવાની ટેવ પણ તમને નહીં હોય. તોય વાંચજો. જે મૂંઝવતું જીવન આપણને ઑક્ટોપસની જેમ વીંટળાયેલું છે - છોડતું નથી - એના પંજાઓને ઉખેડવાનો એક પ્રયાસ છે આ. તમે આવી કવિતા વાચશો તો પેલા અષ્ટપાદના ભરડાને ઉખેડવામાં કોઇ મિત્ર મળ્યાનો આનંદ થશે."

**(કાવ્યસંગ્રહ 'રક્તકણ'નું પુરોવચન - ઑગસ્ટ, 1978)**

**- હિંમત ખાટસૂરિયા**

## 'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણીનાં અન્ય પુસ્તકો

★ **'સાબરમતી પૂછે છે....'**

('આપણું સાહિત્ય' પત્રિકાઓનો સંગ્રહ)

સંપાદનઃ હિરેન ગાંધી, ડૉ. સરૂપ ધ્રુવ રૂા. ૨૫/-

★ **'દસ્તાવેજ'**

(કાવ્ય સંગ્રહ)

મૌન બલોલી રૂા. ૨૫/-

★ **'સળગતી હવાઓ'**

(કાવ્ય સંગ્રહ)

ડૉ. સરૂપ ધ્રુવ રૂા. ૭૫/-

* *(ટપાલ ખર્ચ રૂા. ૧૦ અલગથી મોકલવો)*

: પ્રાપ્તિસ્થાન :
'સંવેદન સાંસ્કૃતિક મંચ',
૯, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
જીવરાજ પાર્ક, અમદાવાદ - 380 051



*અનેક સામાજિક- રાજકીય ઈશ્યૂની ચર્ચાઓ કરતાં કરતાં કાવ્યપંક્તિઓ ઘડાઈ છે - એવા, મારા સાથી મિત્ર હિરેન ગાંધીનો રંગ પણ ચડેલો છે. એક તરફ સન્મિત્ર મયંક ઓઝાની બંદિશોએ કેટલીય રચનાઓમાં પ્રાણ પૂર્યા છે તો બીજી તરફ રેલીઓમાં, સભાઓમાં અને નર્મદા-ઘાટીની પદયાત્રાઓમાં અસંખ્ય નામી-અનામી આંદોલનકર્તાઓએ આમાંનાં ગીતોને જીવતાં-ધબકતાં બનાવ્યાં છે.*

*હું એ જાણું છું કે આ પ્રસંગે એવા એવા પ્રશ્નો પણ હવામાં વહેતા થશે કે જે સંસ્થાનો છડેચોક વિરોધ કરતાં હતાં તે જ સંસ્થાનું ઈનામ સ્વીકારવા કેમ તૈયાર થયાં ? એ વિરોધ આવાં માનઅકરામ મેળવાની લાલસામાત્ર હતી ? હવે તો ઈનામ લઈને બેઠાં છો એટલે સામા થવાની ધૃષ્ટતા થોડાં જ કરવાનાં ? - આ અને આવા બીજાય પ્રશ્નો, માત્ર ઈનામ આપનારા જ નહિ; અમારા વિરોધને તીરે ઊભા રહીને જોયા કરનારા તાલીમિત્રો પણ તરતા મૂકતા જ હશે. તદુપરાંત અમારા હિતેચ્છુઓ પણ આશ્ચર્ય પામે તો નવાઈ નહિ... આ સૌને અમારો એટલો જ જવાબ છે કે સાહિત્ય અમારે મન સમાજ પરિવર્તનનું શસ્ત્ર હતું, છે અને રહેશે જ. આ કે આવા અન્ય કોઈ પુરસ્કારો અમારી લડતને ક્યારેય ખાળી નહિ શકે, ડામી નહિ શકે કે ઠારી પણ નહિ શકે. અમારા ખમીરને કોઈ પણ ખરીદી નહિ શકે. એ પછી 'ગુજરાતી સાહિત્ય પરિષદ' હોય કે. બીજી કોઈ પણ સુસ્થાપિત જનવિરોધી વિચારધારા ધરાવતી સંસ્થા હોય ! આ સંદર્ભમાં, અમને રાજકીય સામાજિક પ્રબિદ્ધતાનો પહેલો પાઠ શીખવનાર શહીદ ભગતસિંહના શબ્દો ટાંકું છું જે અમારા મૂડ ને મિજાજને સ્પષ્ટ કરી શકશેઃ 'આપણે જ્યારે સોળ આના માટે લડાઈ લડી રહ્યા હોઈએ ત્યારે એક આનો મળી જાય તો એને ખિસ્સામાં મૂકીને, બાકીના પંદર આના માટેની લડાઈ ચાલુ જ રાખવી. ક્રાન્તિકારીઓની વ્યૂહરચનાની આ તાસીર છે..' આ જ રાહે સાહિત્યના સ્થાપિત ખયાલો સામે કે સ્થાપિત વ્યવસ્થા સામેની અમારી લડત પણ ચાલુ જ છે અને ચાલુ જ રહેશે.*

**['સંવેદન સાંસ્કૃતિક મંચ'નાં સાથીદારો અને 'જનવાદી ક્રાન્તિકારી આંદોલન'નાં તમામ સંઘર્ષરત જનસમુદાય વતી]**

# બાકીના પંદર આના માટેની લડાઈ હજુ ચાલુ જ છે

**ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા અપાયેલ 1994-95 માટેનું 'મહેન્દ્ર ભગત પારિતોષિક' સ્વીકારતી વખતે સરૂપ ધ્રુવે કરેલું નિવેદન**

*'સળગતી હવાઓ'ને મળેલા પારિતોષિકનો હું સ્વીકાર કરું છું, કેમકે હું માનું છું કે આ વરણી દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદે જનવાદી ક્રાન્તિકારી સાહિત્યનો જાહેર સ્વીકાર કરીને એક સ્ટેટમેન્ટ પસાર કર્યું છે. આ મારું નહિ; પ્રતિબદ્ધ ડાબેરી વિચારધારાનું સન્માન થઈ રહ્યું છે. લોકાભિમુખ, લોકલક્ષી અને લોકગમ્ય સાહિત્યને મળી રહેલી આ માન્યતા આ પ્રકારના સાહિત્યની વ્યાપક અને સનાતન પ્રભાવકતાની સાક્ષી પૂરે છે.*

*આજે જ્યારે એક તરફ મૂડીવાદ અને ઉપભોક્તાવાદનું આક્રમણ ચોતરફથી આપણને ડારી રહ્યું હોય, ભ્રષ્ટાચારી અને મૂલ્યવિહીન રાજનીતિનાં આપણે શિકાર બની રહ્યાં હોઈએ ત્યારે સ્થાપિત હિતો સામે મુક્કી વિંઝનારી, વિદ્રોહી, ઉદ્દામ કવિતાનો પુરસ્કાર કરવો એ એક વિશિષ્ટ જવાબદારીભર્યું પગલું છે. આ તબક્કે હું એક ચોક્કસ વિચારધારા ધરાવતાં અને વર્તમાન વાસ્તવિકતાને પલટવા માટે લડનારા -ઝૂઝનારા વર્ગની પ્રતિનિધિ તરીકે આ પુરસ્કારનો સ્વીકાર કરું છું.*

*આ પારિતોષિકને હું મારી અંગત સિદ્ધિ નથી લેખતી. મારામાં રહેલા 'કવિ' અને 'ક્રાન્તિનિષ્ઠ કર્મશીલને' અલગ પાડવાની વ્યર્થ મથામણ કરનારાંઓને પણ મારે જણાવી દેવું છે કે મારું વ્યક્તિત્વ ખંડિત નથી; કેમકે મારું વ્યક્તિત્વ એક ચોક્કસ ધ્યેય માટે સમષ્ટિનાં હિતો સાથે સંકળાઈ ચૂક્યું છે. સાહિત્યમાં 'સ્વલક્ષી' અને 'પરલક્ષી' - એવા ભેદભાવોમાં હું નથી માનતી. 'સૂરત'ની વિટંબણા કે ભાલની 'પાણીની પીડ', 'મારી પોતાની' કેમ ન હોઈ શકે ? ! મેઘાણીભાઈ જેને 'સંઘોર્મિનું સાહિત્ય' કહેતા એ બરની કાવ્યરચનાઓનું પ્રમાણ આ સંગ્રહમાં ખાસ્સુંબધું છે. આ કાવ્યોની રચનાપ્રક્રિયામાં અનેક લોકોનો સીધો કે આડકતરો ફાળો છે જ, એ પણ નોંધવું રહ્યું. આ કાવ્યોની પાછળ અમારા 'ટેણિયા' નટ્ટુ અને દરિયાપુરનાં બીબીઆપાનોય હાથ છે; એ જ પ્રમાણે, જેની સાથે સળગતી હવાઓ શ્વસતાં શ્વસતાં,*

(અનુસંધાન કવરપેજ-૩ ઉપર)